dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 291 | AD - 2025, Sravan Sud-01 | Friday, Dt.25-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મહારાષ્ટ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને આ કેસમાં વહેલી સુનાવણી માટે વિનંતી કરી

મુંબઈ લોકલ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસ : આરોપીઓને નિર્દોષ છોડી મુકવા પર સુપ્રીમનો સ્ટે

નવીદિલ્હી,તા.૨૪

મુંબઈ લોકલ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે. મહારાષ્ટ્ર સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે આરોપીઓને નોટિસ જારી કરી છે. જોકે, તે ૧૨ આરોપીઓને હજુ જેલમાં પાછા મોકલવામાં આવશે નહીં. મહારાષ્ટ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને આ કેસમાં વહેલી સુનાવણી માટે વિનંતી કરી હતી. એસજી તુષાર મહેતાએ કહ્યું, અમે ફક્ત હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે માંગી રહ્યા છીએ, આરોપીઓને પાછા જેલમાં ન મોકલવા. ઘણી બાબતો MCOCA કાયદા હેઠળ ટ્રાયલને અસર કરે છે. એ સ્વીકારી શકાય છે કે આરોપીને હમણાં જેલમાં પાછા ન મોકલવા જોઈએ. આના પર સુપ્રીમ કોર્ટે શરતી સ્ટે આદેશ જારી કર્યો. સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકારતી મહારાષ્ટ્રની અપીલ પર સુનાવણી કરી અને તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મૂક્યો છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવા સામે દાખલ કરવામાં આવેલી અપીલ પર કોર્ટે આરોપીઓને નોટિસ પણ જારી કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આ સ્ટે આરોપીઓની જેલમાંથી મુક્તિ પર કોઈ અસર કરશે નહીં. મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર સરકારે જેલમાંથી મુક્ત થયેલા આરોપીઓને પાછા મોકલવાની માંગ કરી નથી. સુપ્રીમ કોર્ટે આ કેસમાં તમામ આરોપીઓને નોટિસ જારી કરી છે. મહારાષ્ટ્ર સરકાર વતી હાજર રહેલા એસજી તુષાર મહેતાએ કહ્યું કે આ કેસમાં તમામ



આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. અમે એમ નથી કહી રહ્યા કે તમારે તેમને પાછા જેલમાં મોકલવા જોઈએ, પરંતુ આ નિર્ણયમાં આવી ઘણી ટિપ્પણીઓ કરવામાં આવી છે જે બીજા એમસીઓસીએ કેસમાં ટ્રાયલને અસર કરી શકે છે. આ પછી, સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના આદેશના આ ભાગ પર સ્ટે મૂક્યો અને કહ્યું કે બોમ્બે હાઈકોર્ટનો આદેશ અન્ય કેસોમાં મિસાલ બનશે નહીં. ૧૧ જુલાઈ, ૨૦૦૬ના રોજ મુંબઈ લોકલ ટ્રેનમાં ૧૧ મિનિટમાં સાત બોમ્બ વિસ્ફોટ થયા હતા. ૨૧ જુલાઈના રોજ હાઈકોર્ટે ખાસ ટાડા કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. નીચલી કોર્ટે આ આરોપીઓમાંથી પાંચને મૃત્યુદંડ અને સાતને આજીવન કેદની સજા ફટકારી હતી. હાઈકોર્ટે તે બધાને નિર્દોષ જાહેર કર્યા હતા અને તેમને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, 'તપાસ એજન્સી દ્વારા જે પણ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા, તેમાં કોઈ નક્કર તથ્ય નહોતું. આ આધારે, બધા આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કરવામાં આવે છે.' ૧૧ જુલાઈ ૨૦૦૬ના રોજ મુંબઈની લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોમાં ૧૯ વર્ષ પછી હાઈકોર્ટનો આ નિર્ણય હતો. આ વિસ્ફોટોમાં ૧૮૭ લોકો માર્યા ગયા હતા. મુંબઈ લોકલના સાત રેલવે સ્ટેશનો પર એક પછી એક ક્રમિક બોમ્બ વિસ્ફોટ થયા હતા. સાંજે જ્યારે લોકો ઓફિસથી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે પ્રેશર કુકર બોમ્બ દ્વારા આ વિસ્ફોટો કરવામાં આવ્યા હતા. માટુંગા રોડ, બાંદ્રા સ્ટેશન, ખાર રોડ, માહિમ જંકશન, જોગેશ્વરી, ભાયંદર અને બોરીવલી રેલવે સ્ટેશનો પર સતત ૭ વિસ્ફોટ થયા હતા.

ભારત અને બ્રિટને એફટીએ પર હસ્તાક્ષર કરતા બંને દેશના ગ્રાહકોને ફાયદો થશે

નવીદિલ્હી,તા.૨૪

ભારત અને બ્રિટને આખરે ગુરુવારે મુક્ત વેપાર કરાર એટલે કે એફટીએ પર હસ્તાક્ષર કર્યા. આનાથી બંને દેશોના ગ્રાહકોને ફાયદો થશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરની હાજરીમાં આ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિટનની બે દિવસની મુલાકાતે છે. તેઓ લંડનમાં બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મરને મળ્યા હતા. આ કરાર અંગે, બ્રિટિશ પ્રધાનમંત્રીએ કહ્યું કે યુરોપિયન યુનિયન છોડ્યા પછીનો આ સૌથી ઐતિહાસિક કરાર છે.



આ ખાસ પ્રસંગે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે મને ખુશી છે કે ઘણા વર્ષોની મહેનત પછી, આજે બંને દેશો વચ્ચે એક વ્યાપક આર્થિક અને વેપાર કરાર થયો છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજનો દિવસ ભારત માટે ઐતિહાસિક દિવસ છે. ભારતના ખેડૂતો અને એમએસએમઈને આનો લાભ મળશે. આ ફક્ત વેપાર કરાર નથી પરંતુ સહિયારી સમૃદ્ધિ માટેની યોજના છે. આ રોકાણમાં વધારો કરશે અને રોજગારની તકો ઉભી કરશે. આ કરાર ભારતના યુવાનો, ખેડૂતો, માછીમારો અને એમએસએમઈ ક્ષેત્ર માટે ખાસ ફાયદાકારક સાબિત થશે.

હિમાચલના મંડી જિલ્લામાં મુસાફરોથી ભરેલી બસનો અકસ્માત : પાંચના મોત, ૨૦ ઘાયલ

મંડી,તા.૨૪

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના સરકાઘાટ સબ ડિવિઝનમાં માસેરન નજીક તરંગલામાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. મુસાફરોથી ભરેલી હિમાચલ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસ નીચેના ખેતરોમાં પડી. આ અકસ્માતમાં પાંચ મુસાફરોના મોત થયા છે.



લગભગ ૨૦ મુસાફરો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં ત્રણ મહિલાઓ અને બે પુરુષોનો સમાવેશ થાય છે. ઘાયલોની સરકાઘાટ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. દરમિયાન, ચંબા જિલ્લાના મંડૂન ગામમાં ગઈકાલે રાત્રે એક માર્ગ અકસ્માતમાં એક શિક્ષકનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ, વાહન નિયંત્રણ બહાર નીકળી ગયું અને ટીનની છત પર પડી ગયું. આ અકસ્માતમાં બુંદેડી નિવાસી બ્રિજલાલના પુત્ર ખેમ રાજનું મોત થયું. પોલીસ અધિક્ષક અભિષેક યાદવે અકસ્માતની પુષ્ટિ કરી છે.



વિપક્ષોના હોબાળાથી ચોસાસુ સત્રના પહેલા ૩ દિવસ બરબાદ, લોકસભા માટે રૂ. ૧૨.૮૩ કરોડનું નુકસાન

નવીદિલ્હી,તા.૨૪

સંસદના ચોમાસુ સત્રના ત્રીજા દિવસે પણ ખૂબ જ હંગામો થયો. આ કારણે સંસદને વારંવાર મુલતવી રાખવી પડી છે. પરંતુ આ ચર્ચા પાછળ એક વાસ્તવિક ખર્ચ છુપાયેલો છે. સંસદના સક્રિય કલાકો દરમિયાન દરેક એક મિનિટ માટે ૨.૫ લાખ રૂપિયા ખર્ચાય છે. વર્તમાન સત્ર સોમવારથી શરૂ થયું. આ સત્રમાં બે મુખ્ય મુદ્દાઓ હતા, જેના કારણે બન્ને ગૃહોમાં ઘણો હોબાળો થયો.રાજ્યસભા કરતાં લોકસભામાં વધુ હોબાળો થયો છે. બિહારમાં મતદાર યાદીઓનું વિશેષ સઘન પુનરાવર્તન, જેને વિપક્ષે શાસક ગઠબંધનને મદદ કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. પૂર્વ સંસદીય બાબતોના મંત્રી પવન બંસલના મતે, સત્ર દરમિયાન સંસદને એક મિનિટ ચલાવવા માટે રૂ. ૨.૫ લાખનો ખર્ચ આવે છે, અથવા લોકસભા અને રાજ્યસભા માટે રૂ. ૧.૨૫ લાખનો ખર્ચ થાય છે. ચોમાસુ સત્ર શરૂ થયાને ત્રણ દિવસ થઈ ગયા છે, એટલે કે દરેક ગૃહમાં ૧૮ કલાક કામ કરવું જોઈતું હતું. જો કે, બિન-લાભકારી સંસ્થા પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચના ડેટા અનુસાર, મુલતવી રાખવાને કારણે રાજ્યસભાએ ૪.૪ કલાક અને લોકસભાએ માત્ર ૦.૯ કલાક અથવા ૫૪ મિનિટ કામ કર્યું. આનો અર્થ એ થયો કે વિક્ષેપોને કારણે, કરદાતાઓને રાજ્યસભા માટે રૂ. ૧૦.૨ કરોડનું નુકસાન અને લોકસભા માટે રૂ. ૧૨.૮૩ કરોડનું નુકસાન થયું છે. આમ, માત્ર ત્રણ દિવસના વિક્ષેપોને કારણે કરદાતાઓને રૂ. ૨૩ કરોડનું નુકસાન થયું છે.





છેલ્લાં બે વર્ષથી ત્રણ કિ.મી.નો ફેરો કરતા દર્દીઓને આજથી રાહત થશે

બગસરામાં આજે આરોગ્ય મંત્રીના હસ્તે સરકારી હોસ્પિટલનું લોકાર્પણ





બગસરા, તા.૨૪

બગસરામાં રૂા.૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક સરકારી હોસ્પિટલનું રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ દર્દીઓને ત્રણ કિ.મી. સુધી સારવાર લેવા જવા માટેનો ફોગટફેરો બચશે. રાજ્ય સરકાર દ્વારા બગસરા શહેરમાં સરકારી હોસ્પિટલને અત્યાધુનિક બનાવવા નવીનીકરણ માટે રૂ. ૪.૫૦ કરોડ કરતાં વધારે રકમ ફાળવી હતી. સરકારી હોસ્પિટલનું કામ છેલ્લા બે વર્ષ કરતા વધારે સમયથી ચાલુ હોવાથી સરકારી હોસ્પિટલ હંગામી ધોરણે શહેરથી છેક ત્રણ કિલોમીટર દૂર ખસેડવામાં આવી હતી જેના કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો પરંતુ હવે સરકારી હોસ્પિટલનું તમામ કામ પૂર્ણ થઈ જતાં આજે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે સરકારી હોસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવનાર છે. પી.આઈ.યુના ડેપ્યુટી એન્જિનિયર હરેશ વાળાએ જણાવ્યું હતું કે સરકારી હોસ્પિટલમાં ૩૦ બેડની સુવિધા સાથે ડાયાલિસિસ વિભાગ, દાંત વિભાગ, ફીજીયોથેરાપી વિભાગ, એક્સરે વિભાગ, બાળકોનો વિભાગ તેમજ બ્લડ સ્ટોરેજ યુનિટ પણ બનાવવામાં આવ્યું છે. આમ આરોગ્ય મંત્રીના હસ્તે આજે સરકારી હોસ્પિટલનું લોકાર્પણ થયા બાદ આ હોસ્પિટલ દર્દીઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે.

સિવિલ અધિક્ષકની જગ્યા ખાલી

બગસરામાં બનેલી આધુનિક સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી સિવિલ અધિક્ષકની જગ્યા ખાલી છે ત્યારે આ જગ્યા પર એમ.એસ.ની નિમણૂક કરવામાં આવે તેવી આરોગ્ય મંત્રી સમક્ષ શહેરીજનો માંગ કરી રહ્યા છે.

ધારી સરકારી હોસ્પિટલનું પણ લોકાર્પણ થશે

ધારી સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગનું લોકાર્પણ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે થશે. સવારે ૧૧:૦૦ કલાકે યોજાનાર કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. ધારી ખાતે અદ્યતન હોસ્પિટલનું નિર્માણ થતાં દર્દીઓને આરોગ્યની વધું સારી સેવાઓ ઉપલબ્ધ થશે.

રૂા.૪.૫૦ કરોડના ખર્ચે સરકારી હોસ્પિટલ અદ્યતન સુવિધાથી સજ્જ

રાજુલા સરકારી હોસ્પિટલ એમ્બ્યુલન્સ વિહોણી

રાજુલા, તા.૨૪

તાજેતરમાં સરકાર દ્વારા દર્દીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા GVK૧૦૮ સાથે કરાર કર્યો અને સમગ્ર ગુજરાતમાં સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સનું સંચાલન આ કંપનીને સોંપવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને અમરેલી જિલ્લાના રાજુલા શહેરની સરકારી હોસ્પિટલની બંને એમ્બ્યુલન્સો આજે આ કંપનીએ સંભાળી તેને પંદર દિવસ જેવો સમય થવા આવ્યો છે. ૧૫ દિવસથી આ એમ્બ્યુલન્સ આ કંપનીએ સંભાળી હોવા છતાં હજુ પાયલોટ કે ડોક્ટરની સુવિધા ન હોવાથી આ બંને એમ્બ્યુલન્સ આજે ૧૫ દિવસથી બંધ હાલતમાં છે અને ફક્ત ૧૦૮ એક એમ્બ્યુલન્સ રાજુલામાં હોવાથી ઈમરજન્સી દર્દી માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રાજુલા સરકારી હોસ્પિટલમાંથી ૨૪ કલાક દરમિયાન દરરોજના ચારથી પાંચ દર્દીઓને રિફર કરવામાં આવે છે આવા સમયે સતત ૧૫ દિવસથી રાજુલા શહેરની સરકારી હોસ્પિટલ એમ્બ્યુલન્સ વિહોણી છે. જો GVK કંપની પાસે સ્ટાફ નથી તો આ સરકારી એમ્બ્યુલન્સ શા માટે સંભાળી તેવા પ્રશ્ન ઉઠી રહ્યા છે. ઉપરોક્ત ઘટનાની આ માહિતી અમરેલી જિલ્લાના કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ટીકુભાઈ વરુને ધ્યાને આવતા તેમણે જણાવ્યું કે જો અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ તાલુકાની એમ્બ્યુલન્સમાં જો તાત્કાલિક ડ્રાઈવરો મૂકી અને આ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં નહીં આવે તો અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા ઉગ્ર આંદોલનો કરવા પડશે.

બગસરાના અણઉકેલ પ્રશ્નોનું નિરાકરણ લાવવા અતુલ કાનાણીએ સરકારમાં રજૂઆત કરી

બગસરા,તા.૨૪



બગસરામાં લાંબા સમયથી વણઉકેલ્યા ગ્રામ્ય અને શહેરી પ્રશ્નો અંગે સામાજિક સંસ્થાઓની વારંવાર રજૂઆતો છતાં કોઈ નિરાકરણ આવતું ન હતું. તાજેતરમાં બગસરા ખાતે ખાતમુહૂર્ત પ્રસંગે આવેલા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સમક્ષ આ મુદ્દાઓ રજૂ કરાયા હતા. અતુલભાઈ કાનાણીએ મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને રમતગમત મંત્રીને પત્ર પાઠવી આ પ્રશ્નોના નિરાકરણની માંગ કરી છે. જેમાં જેતપુર રોડને બાયપાસ સુધી ડિવાઈડર સાથે RCC રોડ બનાવી સુવિધા પથ તરીકે વિકસાવવા, ઝવેરચંદ મેઘાણીની યાદમાં મ્યુઝિયમ તૈયાર કરી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા, મંજૂર થયેલ સાયન્સ કોલેજનું બિલ્ડિંગ ઝડપથી તૈયાર કરવા, નૂતન સરકારી હોસ્પિટલમાં ડોકટરોની ખાલી જગ્યા ભરવા, નવું સ્પોર્ટ્સ સંકુલ ફાળવવા અને ડેરી પીપરીયાથી નવા પીપરીયા-હળિયાદ સુધીના રસ્તાને જોબ નંબર ફાળવી મંજૂર કરવા જેવી મુખ્ય માંગણીઓનો સમાવેશ થાય છે.

ડેડાણ અને ખડાધાર પ્રા.આરોગ્ય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને પોષણ કીટ અપાઈ

અમરેલી,તા.૨૪



ખાંભા તાલુકાના ડેડાણ અને ખડાધાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક્સિસ બેંક ફાઉન્ડેશનનાં નાણાંકીય સહયોગથી ચાલતા સંકલિત ગ્રામ્ય વિકાસ અને આજીવિકા કાર્યક્રમ અંતર્ગત અંબુજા ફાઉન્ડેશન અને તાલુકા હેલ્થ કચેરી ખાંભાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ પ્રોગ્રામ હેઠળ ડેડાણ પીએચસી તથા ખડાધાર પીએચસી હેઠળ આવતાં ગામોના જરૂરિયાતમંદ ક્ષયના દર્દીઓને પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ક્ષય કેન્દ્ર સ્ટાફ અમરેલી, તાલુકા હેલ્થ કચેરી સ્ટાફ ખાંભા, ડેડાણ પીએચસી સ્ટાફ, ખડાધાર પીએચસી અને અંબુજા ફાઉન્ડેશન ખાંભા ટીમ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

બાબરા GIDCમાં લોખંડ ઓગાળતી ભઠ્ઠીમાં વિકરાળ આગથી લોકોમાં ભય

બાબરા,તા.૨૪



તસવીર : દિપક કનૈયા

બાબરાના જીઆઈડીસી વિસ્તારમાં લોખંડ ઓગળવાની અનેક ભઠ્ઠીઓ હાલ કાર્યરત છે. જેમાં આ વિસ્તારમાં સૌપ્રથમ સુપર ગેસનો પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આવી ભઠ્ઠીઓને તંત્ર દ્વારા કોઈપણ સાવચેતીના પગલા લીધા વગર જ મંજૂરી આપી દીધી છે તેવું ચર્ચાઈ રહ્યું છે. મંગળવારે સાંજે છ કલાક આસપાસ આવી એક ભઠ્ઠીમાં કે જે સુપર ગેસ એજન્સીના પ્લાન્ટની અંદાજિત ૨૦૦ મીટર જેવી દુરી પર છે, તેમાં વિકરાળ આગ દ્વારા લોખંડ ઓગાળવાનું કામ શરૂ કરેલ. આ ભઠ્ઠીની આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટા બાબરા શહેર સુધી દેખાતા હતા. જીઆઈડીસી વિસ્તારની આજુબાજુમાં આવેલ સોસાયટીના રહીશોએ પણ આ બાબતે અનેક રજૂઆત કરેલ છે તેમ છતાં પણ તંત્ર સાંભળતું નથી. આ અંગે જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી યોગ્ય કાર્યવાહી કરવા માગણી કરી છે.

સા.કુંડલાના ગાધકડામાં ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે રૂ. ૧.૨૩ કરોડના વિકાસ કામોનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૨૫



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે ગુરૂવારે કુલ ૧.૨૩ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસ કામોમાં ગામને પીવાના પાણી માટે ૫.૮૦ લાખ લીટર ક્ષમતા ધરાવતો સમ્પ, બ્લોક રોડ, પાણીની ટાંકી, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ, સીસીટીવી કેમેરાની સુવિધા આપવામાં આવશે. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, જિલ્લા પંચાયત સદસ્ય-લાલભાઈ મોર, શરદભાઈ ગોદાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, જીતુભાઈ ખુમાણ, દીપકભાઈ મકવાણા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ આદ્રોજા, ઉપપ્રમુખ કિશનભાઈ ખુમાણ, મંત્રી મહેશભાઈ ભાલાળા, વિપુલભાઈ શિંગાળા, સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણી, ભાજપ અગ્રણી ભાવેશભાઈ ખુંટ, નારણભાઈ નાકરાણી, લીખાળા ગામના સરપંચ મનસુખભાઈ સાવલિયા, ઉપપ્રમુખ ગૌતમભાઈ ખુમાણ, ગાધકડા ગામના જેન્તીભાઈ કલાણીયા, સુનીલભાઈ રાઠોડ, ઘનશ્યામભાઈ ઠુમ્મર, બાબુભાઈ મોરી, દામજીભાઈ ગોહિલ, અલ્પેશભાઈ ડાવરા વગેરે ગ્રામજનો ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં અંગ્રેજી વિષયક વ્યાખ્યાન યોજાયું

અમરેલી,તા.૨૪



અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં મંગળવારે અંગ્રેજી વિભાગ દ્વારા કોલેજના આદ્ય સ્થાપક, આચાર્ય અને અંગ્રેજી સાહિત્યના વિદ્વાન સ્વ. પ્રો.એન.કે.ત્રિવેદીની સ્મૃતિરૂપે દ્વિતીય મણકારૂપ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષના વ્યાખ્યાનનો વિષય-'ટ્રેન્ડ્ઝ એન્ડ થીમ્સ ઈન કન્ટેમ્પરરી ઈન્ડિયન ઈંગ્લિશ ફિક્શન' હતો. આ વિષયના વક્તા તરીકે સાવરકુંડલાની વી. ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજના અંગ્રેજીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હાર્દિકભાઈ એમ. ઉદેશીએ વિવેચનાત્મક સૂઝ સાથે વ્યાખ્યાન આપ્યું અને 'સમકાલીન ભારતીય અંગ્રેજી સાહિત્ય' વિષય પર વિદ્યાર્થીઓ સાથે બૌદ્ધિક ચર્ચા કરી હતી. જેમાં તેમણે ભારતીય અંગ્રેજી સાહિત્યના સમૃદ્ધ ઈતિહાસ સાથે સલમાન રશ્દી, અરુંધતી રોય, અમિતાવ ઘોષ જેવા સમકાલીન લેખકોનો ઉલ્લેખ કર્યો હતો. આ તકે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયતે મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરીને સ્વ. પ્રો. એન.કે. ત્રિવેદીના સદ્‌ગુણો તથા મોંઘીબા મહિલા કોલેજમાં તેમના યોગદાનના સંસ્મરણો વાગોળ્યા હતા.

લાઠીમાં આજથી રામચરિત્ર કથામૃતનો પ્રારંભ

લાઠી,તા.૨૪

લાઠી શહેરમાં દરેક શ્રાવણ માસ નિમિત્તે રાજ્ય મંદિર અન્નક્ષેત્રમાં ૯૪મી રામચરિત્ર કથામૃત યોજાશે. શ્રાવણ માસમાં યોજાતી આ કથા પૂ.ભગવાનજી દાદા શર્માએ ૯૪ વર્ષ પહેલા શરૂઆત કરી હતી જેના આશીર્વાદથી તેમના નિધન પછી તેમના પૌત્ર જનકભાઈ શર્માએ તેમનો વારસો આજદિન સુધી જાળવી રાખતા તે કથા આજ શ્રાવણ માસ સુદ એકમને શુક્રવાર બપોરે ૪:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી ચાલશે. કથાની પૂર્ણાહુતિ શ્રાવણ માસ અમાસ વદને શનિવારે થશે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



કુંકાવાવના દેવગામ ખાતે સદ્‌ગુરુ અમર સાહેબની ૩૪મી નિર્વાણ તિથિ મહોત્સવની ભવ્ય ઉજવણી

કુંકાવાવ,તા.૨૪



કુંકાવાવ તાલુકાના દેવગામ અમર સાહેબ આશ્રમ ખાતે રવિભાણ પરંપરા ઉગમફોજના પ્રગટ સમર્થ સંત શ્રી સદ્‌ગુરુ અમર સાહેબની ૩૪મી નિર્વાણ તિથિ મહોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમનું આયોજન દેવગામથી દડુ બાપુ અને નનકુ બાપુ તેમજ સ્વર્ગસ્થ રામ બાપુ, સ્વર્ગસ્થ બાવકુ બાપુ તેમજ અમર સાહેબ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ નિર્વાણ તિથિમાં સવારે ૧૦:૦૦ કલાકે બટૂકભોજન તેમજ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બપોરના ત્રણથી છ કલાકે અમર જ્ઞાન ભાગ પાંચનું વિમોચન તેમજ સેવાભાવીઓનું, સાધુ સંતો અને પત્રકારોનું સન્માન અમર સાહેબ આશ્રમના લઘુ મહંત ચંદ્રેશ બાપુ તેમજ આલીમભાઈ વાળા દ્વારા શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. ગુરુ ગાદી બાન્દ્રાધામથી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી ગોરધનબાપા તેમજ ભેડા પીપળીયાથી જયંતિરામબાપા દ્વારા બપોર પછી ત્રણથી છ દરમિયાન ભાવિ ભક્તોને સત્સંગનો લાભ આપ્યો હતો.

વહેલી સવારથી જ શિવભક્તો મહાદેવના મંદિરે ઉમટી પડશે, શિવમંદિરોમાં બપોરે પણ આરતી થશે

આજથી શ્રાવણ માસનો પ્રારંભ, શિવાલયો હર-હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે

અમરેલી,તા.૨૪

સનાતન ધર્મમાં શ્રાવણ મહિનો ભગવાન શિવને અતિ પ્રિય માનવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન દેશભરમાં શિવજીનું ભક્તિભાવપૂર્વક પૂજન અર્ચન કરવામાં આવે છે. તેમાં પણ શ્રાવણ મહિનાના સોમવારનું વ્રત ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. માન્યતા પ્રમાણે શિવજીનું શ્રદ્ધાપૂર્વક આ વ્રત રાખવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે. શ્રાવણ માસમાં શ્રદ્ધાપૂર્વક શિવલિંગ પર જળનો અભિષેક કરવામાં આવે તો દરેક પ્રકારની મુશ્કેલી દૂર થાય છે અને જીવનમાં સુખ- શાંતિ આવે છે. તેમાં પણ શ્રાવણના સોમવારે જળાભિષેક કરવો વધુ પુણ્યદાયી માનવામાં આવે છે. ઉત્તર ભારતમાં ૧૧ જુલાઈએ પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ છે. આ વર્ષે શ્રાવણ માસનો પ્રારંભ ૨૫ જુલાઈના રોજ થઈ રહ્યો છે. તેમજ ૨૩ ઓગસ્ટના રોજ સમાપ્તિ થશે. આ દરમિયાન કુલ ૪ શ્રાવણ સોમવાર



આવશે. જે ભક્તો ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે સોમવારનું વ્રત શરૂ કરવા માંગતા હોય, તેઓ શ્રાવણના પહેલા સોમવારથી વ્રત - ઉપવાસ શરૂ કરી શકે છે. પવિત્ર શ્રાવણ માસના સોમવારે ભક્તો વહેલી સવારથી શિવ મંદિરોમાં એકત્ર થાય છે. આ પવિત્ર દિવસે બ્રહ્મમુહૂર્તમાં સ્નાન કરીને સ્વચ્છ અને પવિત્ર વસ્ત્રો ધારણ કરી અભિષેક માટે પહેલાથી જ સ્વચ્છ ધાતુના વાસણમાં ગંગાજળ અથવા શુદ્ધ જળ ઘરેથી જ ભરી લઈ જાઓ અને તેમાં ગાયનું દૂધ ઉમેરી દો. ત્યાર બાદ પવિત્ર જળથી શિવલિંગ પર અભિષેક કરો. સાથે થોડા ફૂલ અને બીલીપત્ર લઈ જઈને ભગવાન શિવને મંત્રોચ્ચાર સાથે અર્પણ કરો. શિવભક્તોમાં શ્રાવણ માસને લઈ ખુબ જ ઉત્સાહનો માહોલ છે. અમરેલીમાં આવેલા સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવને સોળ શૃંગાર કરવામાં આવે છે. સમગ્ર મંદિરમાં રોશનીથી ઝગમગાટ કરવામાં આવ્યો છે.

બગસરામાં પણ વિવિધ શિવમંદિરોને શણગારવામાં આવ્યા છે. જિલ્લાના વિવિધ શહેરોમાં આજથી શિવભક્તો દ્વારા હર-હર મહાદેવના નાદથી શિવમંદિરો ગુંજી ઉઠશે.

અમરેલી જિલ્લાના શિવમંદિરો રોશનીથી ઝળહળી ઉઠ્યા, શિવભક્તોમાં અનેરો થનગનાટ

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જરખીયા દ્વારા પોરાનાશક કામગીરી હાથ ધરાઈ

અમરેલી,તા.૨૪



લાઠી તાલુકાના જરખીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ ગામોમાં તા. ૨૧ થી ૩૧ સુધી કુલ ૧૨ ટીમ બનાવી ૯ ગામોના કુલ ૫,૮૮૩ ઘરોમાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય તે માટે સર્વેની કામગીરી હાથ ધરી ઘરમાં કાયમી પાણી ભરાઈ રહેતા પાત્રોમાં ગપ્પી માછલી મૂકવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન વાહકજન્ય રોગો અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમરેલી: રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા 'રોટરી ચબૂતરા'નું લોકાર્પણ, પૂર્વ સદસ્યોને શ્રદ્ધાંજલિ

અમરેલી,તા.૨૪



રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા તેમના પૂર્વ સદસ્યો સ્વ. રોટે. જયસુખ જોગાણી અને સ્વ. રોટે. ભવિન અડાલજાને શ્રદ્ધાંજલિ રૂપે એક વિશિષ્ટ પ્રોજેક્ટ – 'રોટરી ચબૂતરો' નું નિર્માણ મૂક-બધિર શાળા, અમરેલીના મેદાનમાં કરવામાં આવ્યું છે. આ યાદગાર પ્રોજેક્ટનું લોકાર્પણ ૧૯મી જુલાઈ ૨૦૨૫ના રોજ તેમના પરિવારજનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રોટરી ક્લબના સભ્યો, શાળા સ્ટાફ તથા દાતાઓની ઉપસ્થિતિ રહી હતી. આ ચબૂતરો ન માત્ર પક્ષીઓ માટે આરામદાયક આશરો પૂરો પાડશે, પણ સાથે જ પર્યાવરણપ્રેમ અને સમર્પિત રોટરી ભાવનાનું પ્રતિબિંબ પણ હશે. આ તકે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરએ તમામ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો છે, જેમના ઉદાર દાન દ્વારા આ પ્રોજેક્ટ શક્ય બન્યો છે. આ ચબૂતરો આજથી ભાવિ પેઢી માટે એક મૂલ્યવાન વારસો બની રહેશે – જ્યાં નિઃશબ્દ શાળાના ગ્રાઉન્ડમાં પક્ષીઓના કલરવનું સંગીત અને પ્રેમભરી યાદો સાથે સંવાદ થશે.

આગામી રવિવારે અમરેલી ખાતે તળપદા કોળી સમાજના

ઉચ્ચ અભ્યાસ કરતા યુવક/યુવતીનો વેવિશાળ પરિચય સમારંભ યોજાશે

અમરેલી, તા.૨૪

અમરેલી ખાતે તળપદા કોળી સમાજનો વેવિશાળ પરિચય સમારંભ આગામી રવિવાર તા. ૨૭ના રોજ એન.જી. ધરજીયા નિવૃત્ત પી.આઈ. અમરેલીના પ્રમુખ સ્થાને રાખવામાં આવે છે. આ વેવિશાળ પરિચય સમારંભમાં ભાગ લેવા માગતા ઉચ્ચ અભ્યાસ કરતા યુવક/ યુવતીઓ સ્થળ ઉપર ફોર્મ ભરી શકશે. ૬૯૮ યુવક/યુવતીઓ પરિચય બુક સ્થળ ઉપર આપવામાં આવશે. સમારંભ સ્થળ સ્વ.ગોવિંદાબાપા ધરજીયા તળપદા કોળી જ્ઞાતિ, ચિતલ રોડ, અમરેલી. વેવિશાળ પરિચય સમારંભમાં ભાગ લેવા મંડળ પ્રમુખ આરતીબેન આર. ગોહીલ મો.૯૩૭૪૭ ૩૪૮૨૦, પરશોતમભાઈ એન.મકવાણા મો.૯૪૨૮૭ ૯૮૬૪૭નો સંપર્ક કરવો.

લાઠીના કાંચરડી ગામનો બનાવ

'શું દોઢીનો થાય છે' કહી ગાળો બોલી ધમકી આપી

લાઠી, તા. ૨૪

લાઠીના કાંચરડી ગામે એક યુવકને 'શું દોઢીનો થાય છે' તેમ કહી ગાળો બોલીને ધમકી આપવામાં આવી હતી. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો હતો. બનાવ સંદર્ભે ધાર્મિકભાઈ ભીખુભાઈ ચાવડા (ઉ.વ.૨૧) એ તેમના જ ગામના ઘોહાભાઈ પોપટભાઈ રાનાણી, શામજીભાઈ જગદિશભાઈ રાનાણી, રણછોડભાઈ ઘોહાભાઈ રાનાણી, દર્શન રણછોડભાઈ રાનાણી, શરદ જગાભાઈ રાનાણી તથા જગદિશભાઈ ઘોહાભાઈ રાનાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું જે.સી.બી. લઈને દહિથરા-કાંચરડી રોડ ઉપર આવેલા પી.જી.વી.સી.એલ. ૬૬ કે.વી.ની બાજુમાં સોલાર પ્લાન્ટની જગ્યાએ ગટર (સર) ગાળવાના કામે ગયા હતા. ઘોહાભાઈ પોપટભાઈ રાનાણીએ આવી 'શું દોઢીનો થા છો' તેમ કહી ગાળો આપી, ધમકી આપી હતી. જે બાદ શામજીભાઈ રાનાણીએ આવી જે.સી.બી.ના ડ્રાઈવર સાહેદ-ચેતાનભાઈને ગાળો આપી, મશીન બંધ કરી દેવાની ધમકી આપી હતી. રણછોડભાઈ રાનાણીએ ફોરવ્હીલ કાર લઈ આવી, કારમાંથી લાકડી લઈને આવી તેમના હાથમાં રહેલો મોબાઈલ ફોન તથા મોટરસાયકલની ચાવી આંચકો મારી, લૂંટીને લઈ ગયા હતા. તેઓ અને સાહેદ વિજયભાઈ લાભુભાઈ ખટાણાએ રીતેના બન્ને જે.સી.બી.ના ભાગીદારોને લાકડી વડે પગના ભાગે લાકડીના ઘા મારી તથા ગાલ ઉપર ત્રણ-ચાર લાફા મારી મુંઢ ઈજાઓ કરી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. તેમને તથા સાહેદ-વિજયભાઈ લાભુભાઈને દહિથરા ગામની આજુબાજુમાં જે.સી.બી. ચલાવવા આવ્યો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ બનાવ સ્થળે જ તે સમયે હાજર સાહેદ-મહેશભાઈ પ્રવિણભાઈ રાઠોડને તેમનો ફોન તથા મોટરસાયકલની ચાવી પરત આપી, નાસી ગયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના પીઆઈ આર. વાય. રાવલ તપાસ કરી રહ્યા છે.

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા. ૨૪



લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે "પ્રકૃતિને પ્રેમ- વૃક્ષારોપણથી આરંભ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભગતસિંહ યુવા સમિતિ બાબરાનો સહયોગ નોંધપાત્ર રહ્યો હતો. આ પ્રસંગે કોલેજના સુંદર પ્રાંગણમાં વિવિધ જાતોના કુલ ૧૩૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને આસોપાલવ, ગુલમોહર, જાસુદ, ચંપો, રાયણ, લીમડો, સીતાફળી, મહેંદી વગેરે જેવા ઔષધિય, શોભાવાન અને ઉપયોગી વૃક્ષોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ દરમિયાન વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવના સંદેશા સાથે પ્રતિજ્ઞા પણ લીધી કે તેઓ વૃક્ષોની સંભાળ લેશે અને પર્યાવરણ સુરક્ષા માટે સજાગ રહેશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને જવાબદારીની ભાવના જગાવવાનો હતો.

બગસરાથી માતાના મઢ બસ શરૂ કરવા 'આપ' આગેવાને વાહનવ્યવહાર મંત્રીને પત્ર પાઠવ્યો

બગસરા તા ૨૪



રાજ્ય સરકાર દ્વારા અમરેલી એસ.ટી. ડિવિઝનમાં ૨૩૯ જેટલા કંડક્ટરોની નિમણૂક કરી છે જેમાંથી ૪૧ જેટલા નવા કંડક્ટરો બગસરા એસટી ડેપોને ફાળવેલા છે ત્યારે બગસરામાં મહદ અંશે કંડકટરની ઘટ પુરવામાં આવી છે. જેથી આમ આદમી પાર્ટીના આગેવાન કાંતિભાઈ સતાસિયાએ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે બગસરા શહેરથી કચ્છમાં જવા માટે એક પણ બસ ઉપલબ્ધ ન હોય ત્યારે રાત્રિના આઠ કલાકે બગસરા માતાના મઢ વાયા વડીયા- રાજકોટ ચલાવવા તેમજ સવારના સાત કલાકની બગસરા-સુરત બસને વાયા વલ્લભવિદ્યાનગર ચલાવવા રજૂઆત કરી છે. રજૂઆતમાં વધુ જણાવ્યું છે કે કંડકટરના અભાવે જે બસના રૂટ બંધ છે તેવા રૂટને ફરીથી ચાલુ કરવામાં આવે તેવી માંગ કરી છે.

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૯૭/૨૦૨૫ તા.૧૯/૦૭/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કલ્પેશભાઈ ધનજીભાઈ વિરાણી
રહે. બી-૬૧, પૂર્વીનગર સોસાયટી, હીરાબાગ પાસે, વરાછા,સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બાઢડા, તા. સાવરકુંડલા જી. અમરેલી તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી
અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કલ્પેશભાઈ ધનજીભાઈ વિરાણીનો જન્મ તા.૦૬/૦૪/૧૯૬૮ ના રોજ મુ.બાઢડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

અવસાન નોંધ

રાજકોટ

ભાયાવદર વાળા હાલ રાજકોટ શ્રી રમેશભાઈ પરસોત્તમદાસ પોપટ (રમેશકુમાર એન્ડ કું.) ના ધર્મપત્ની અ.સૌ.રંજનબેન (ઉ.વ.૭૧) તે મિલનભાઈ અને વિષ્ણુભાઈના માતૃશ્રી, સ્વ.પ્રભુદાસ જમનાદાસ કોટક (ખોડાપીપર વાળા)ના સુપુત્રી તથા નવીનભાઈ, બીપીનભાઈ, હરેશભાઈ, મહેશભાઈ, યોગેશભાઈ અને મયુરભાઈના બહેન તા.૨૩-૦૭-૨૦૨૫, બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 113

ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ - કોમર્સ - સાયંસ પ્રવેશ મળશે

★ ધો. ૧૧ સાયંસ ગર્લ્સ સ્કૂલ – બપોર	★ ધો. ૧૧ કોમર્સ ગર્લ્સ સ્કૂલ – બપોર
★ ધો. ૧૧ સાયંસ મિશ્ર સ્કૂલ – સવાર	★ ધો. ૧૧ કોમર્સ મિશ્ર સ્કૂલ – સવાર
★ ધો. ૧૧ સાયંસ EM સ્કૂલ – સવાર	★ ધો. ૧૧ કોમર્સ EM સ્કૂલ – સવાર
★ ધો. ૧૧ આર્ટસ ગર્લ્સ સ્કૂલ – બપોર	★ ધો. ૧૧ આર્ટસ મિશ્ર સ્કૂલ – સવાર

★ ગર્લ્સ સ્કૂલમાં હોસ્ટેલ ગર્લ્સ અને સીટી ગર્લ્સ ને પ્રવેશ મળશે. –અલગ બિલ્ડીંગ



-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૫૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- વાઘ વીરાભાઈ જીણાભાઈ,
રે.આદસંગ-ઘનશ્યામનગર તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી આદસંગ તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી
અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટા બાપા વાઘ લખમણભાઈ રામભાઈનું મરણ તા.૦૧/૦૯/૧૯૯૩ ના રોજ મુ.આદસંગ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-:: જાહેર નોટિસ ::-

આથી લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાને જણાવવાનું કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખુદ રાજુલા શહેરનાં ગામતળ માં જવાહર રોડ ઉપર, રામ કોમ્પ્લેક્સ વાળી ગલીમાં આવેલ સીટી સર્વે નંબર ૨૩૪૧ પૈકી ૮૨.૦૦ ચોરસ મીટર વાળી મિલકત (મકાન) કે જે હાલ દીનાબેન ભક્તિપ્રસાદ વ્યાસ. રહેવાસી-રાજુલા. ની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા વાળી, બોજા વગર ની અન્ય કોઈનાં કોઈપણ પ્રકારનાં હક્ક હીત વગરની તદ્દન ટાઈટલ કિલયર હોવાનું જણાવી અમોને વેચાણ આપવાનું નકકી કરેલું છે. તો સદરહુ મકાન ઉપર જો અન્ય કોઈપણનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલનાં પુરાવા સહીત લેખિત જાણ રજીસ્ટર એડી. થી નીચેનાં સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહું મિલકત (મકાન) ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, ટાઈટલ કલીયર છે તેમ સમજી અમારા દ્વારા સદરહું મિલકત (મકાન) ખરીદી અંગે ની કાર્યવાહી કરવામાં આવશે. અને ત્યારબાદ કોઈ નાં કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર માન્ય નહીં રહે.

તારીખ : ૨૪/૦૭/૨૦૨૫

લી. સૈદાબેન નાસીરઅલી મુની
સરનામું: C/O રઝા ટ્રેડીંગ, વિશ્વાસ હોટલ નીચે,
એસટી બસ સ્ટેન્ડ રોડ, રાજુલા, તા.રાજુલા,
જિલ્લો-અમરેલી, પિન કોડ-૩૬૫૫૬૦,
ફોન નં. : ૮૧૪૦૭૫૭૯૪૬, ૯૪૨૮૭૯૮૩૮૭

લીલીયામાં વિકાસ કાર્યોની સમીક્ષા કરતા મહેશ કસવાળા

લીલીયા,તા.૨૪



લીલીયા મોટામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્વચ્છતા અને વિકાસ કાર્યોની મુલાકાત લીધી હતી. થોડા દિવસો પહેલા સાઈનાથ પ્લોટના રહીશોએ રોડ, રસ્તા અને ગટરના પ્રશ્નો અંગે આવેદનપત્ર આપ્યું હતું. આના અનુસંધાને, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ટીડીઓ કિશોરભાઈ આચાર્ય, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ સાઈનાથ પ્લોટ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે સનાળીયા રોડ પરના ફાટકથી પીપળવા રોડના ફાટક સુધી ચાલીને વિસ્તારની સમસ્યાઓ જાણી. ધારાસભ્યએ નાયબ કાર્યપાલક ઈજનેર પડસાલાને ટેલિફોનિક સૂચના આપીને સાઈનાથ પ્લોટમાં જરૂરી રસ્તાઓ અને સુવિધાઓનો સર્વે કરવા જણાવ્યું હતું. ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા અંગે તેમણે રેલવે અધિકારીઓ સાથે વાત કરી તાત્કાલિક નિરાકરણ લાવવા સૂચના આપી હતી. વધુમાં, લીલીયામાં ચાલતા ગટરકામ બાબતે એજન્સીના તુષારભાઈ માંડલિયાને કામ ઝડપથી અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા સૂચના આપી હતી. ભરવાડ શેરી, ગઢ શેરી અને સાઈનાથ પ્લોટ વિસ્તારમાં સફાઈ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી, આ તકે, લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત અને કેપ્ટન ધામત પણ ઉપસ્થિત રહ્યા હતા.

પીપરવાડીમાં 'સ્વ. જયસુખભાઈ નાકરાણી માર્ગ' અને સાવરકુંડલા-મહુવા પર RCC સર્વિસ રોડનું લોકાર્પણ

સાવરકુંડલા, તા. ૨૪



ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલામાં બે મહત્વપૂર્ણ માર્ગોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પીપરવાડીના નવા રોડને સેવાનુરાગી સ્વ.જયસુખભાઈ નનુભાઈ નાકરાણી માર્ગ નામ આપી સ્વ.જયસુખભાઈને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સ્વ. જયસુખભાઈ શહેર ભાજપના મહામંત્રી અને નગરપાલિકાના ત્રણ ટર્મ કોર્પોરેટર તરીકે, ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિ ચેરમેન તરીકે સેવા આપી ચૂક્યા હતા. આ માર્ગ ભવિષ્યમાં પીપરવાડીના લોકોને બાયપાસ સુધીનું ૨ કિ.મી. અંતર ઘટાડવામાં મદદ કરશે. આ ઉપરાંત, સાવરકુંડલા-મહુવા રોડ પર નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની કામગીરી દરમિયાન નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે RCC "ફાટક મુક્ત" સર્વિસ રોડ પણ ખુલ્લો મુકવામાં આવ્યો, જે નાના વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડશે. આ પ્રસંગે અનેક મહાનુભાવો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલાઓની જાતીય સતામણી અન્વયે જિલ્લા કક્ષા સ્થાનિક સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૪

કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી સામે રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૩ના અમલીકરણ માટે અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા સ્થાનિક સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જાતીય સતામણી સંબંધિત કાયદાકીય જોગવાઈઓ, જિલ્લામાં આંતરિક ફરિયાદ સમિતિઓની વર્તમાન સ્થિતિ અને વિવિધ કેસમાં કોર્ટના ચુકાદાઓ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં સ્થાનિક સમિતિ સમક્ષ કોઈ ફરિયાદ કે અરજી નોંધાઈ નથી. બેઠકમાં સ્થાનિક સમિતિના ચેરપર્સન જાગૃતિબેન જોષી, સભ્ય સચિવ અને નોડલ અધિકારી (શી બોક્સ) તેમજ સભ્યો નિરાલીબેન કિકાણી, હંસાબેન મકાણી અને રમેશભાઈ ખીમસુરિયા સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

રાજુલા-જાફરાબાદના કૃષિ સખીઓએ પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૪



આત્મા પ્રોજેક્ટ અમરેલી દ્વારા રાજુલા અને જાફરાબાદ તાલુકાના સંયુક્ત ઉપક્રમે જિલ્લામાં પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. આ પ્રેરણા પ્રવાસના ભાગરૂપે રાજુલા મુકામે આવેલા મુરલીધર પ્રાકૃતિક ફૂટ ફાર્મની પ્રાકૃતિક કૃષિના સંવાહક એવા CRP અને કૃષિ સખીની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાતમાં નોન મિશન ઓન નેશનલ ફાર્મિંગ અંતર્ગત કાર્યરત બંને તાલુકાના CRP (કોમ્યુનિટી રિસર્ચ પર્સન) અને કૃષિ સખીઓને પંચસ્તરીય મોડેલ ફાર્મની સમજ આપવામાં આવી હતી. આ મુલાકાત વેળાએ અમરેલી આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર દિલીપભાઈ ચાવડા દ્વારા જીવામૃત વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના ધ્રુવભાઈ દેસાઈ દ્વારા દાનાભાઈ લાડુમોરે પોતાના ખેતરમાં વિવિધ પાકોના વાવેતર વિશે અને બાગાયત પાકો સફેદ જાંબુ, લાલ જાંબુ, જામફળ, ડ્રેગન ફુટ, આંબા, લિંબુડી તેમજ શાકભાજીમાં રીંગણ, ધાણા, પાલક, મિક્સ પાકના વાવેતર, માર્કેટિંગ વ્યવસ્થા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

લુવારીયા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

લાઠી, તા. ૨૪

ગુંદરણ ગામે રહેતો પરપ્રાંતીય યુવક ભગાડી ગયો

લાઠીના લુવારીયા ગામની સીમમાંથી પરપ્રાંતીય સગીરાને યુવક બદકામના ઈરાદે વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

બનાવ અંગે સગીરાના પિતાએ હાલ ગુંદરણ ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશના દિનેશ ટીસીયાભાઈ કટારા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની સગીર પુત્રીને આરોપી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લગ્ન કરવાની લાલચ આપી, કાયદેસરના વાણીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

અમરેલી હિન્દુ સેના દ્વારા જિલ્લામાં માંસ વેચાણ પર પ્રતિબંધ મુકવા માંગ

અમરેલી,તા.૨૪



ગુજરાત રાજ્ય હિન્દુ સેનાના ઉપાધ્યક્ષ વિનયકુમાર શર્માના નેતૃત્વ હેઠળ, હિન્દુ સેના અમરેલી શહેર પ્રમુખ રવિરાજ શેખવા અને તેમના કાર્યકરો દ્વારા અમરેલી શહેર અને જિલ્લામાં શ્રાવણ માસ દરમિયાન માંસ વેચાણ પર સખ્ત પ્રતિબંધ મૂકવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે શ્રાવણ માસ હિંદુ ધર્મના લોકો માટે ભગવાન શિવની ભક્તિ અને પૂજનનો પવિત્ર મહિનો છે. આ સમયગાળા દરમિયાન માંસનું વેચાણ હિંદુ ધર્મના લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. ધાર્મિક ભાવનાઓને માન આપીને, આ પવિત્ર માસ દરમિયાન માંસ વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માંગ કરવામાં આવી છે.

જસવંતગઢ ગામે ચાની હોટલ પર ગાળો બોલવાની ના પાડતાં માર માર્યો

મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૨૪

અમરેલીના જસવંતગઢ ગામે ચાની હોટલ પર ગાળો બોલવાની ના પાડતાં જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દિનેશભાઈ ઝવેરભાઈ દેસાઈ (ઉ.વ.૬૫)એ સંજયભાઈ દેવીપૂજક, પ્રવિણભાઈ દેવીપૂજક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની હોટલ પર આરોપી ચા પીવા માટે આવ્યા હતા. તે દરમિયાન સંજયભાઈ દેવીપૂજકે ગેરવર્તન કરી અપશબ્દો બોલ્યા હતા. જેથી તેમણે ના પાડતાં ઉશ્કેરાઈને તેમને માર માર્યો હતો. ઉપરાંત શરીરે મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

સાયબર ક્રાઈમ અવેરનેસ પ્રોગ્રામો વચ્ચે

સાવરકુંડલામાં ઠગબાજોએ પીએમ મુદ્રા યોજનામાં લોન આપવાની લાલચ આપી ૧૦ લાખનો ચુનો લગાવ્યો

શિવશક્તિ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક ભોગ બન્યા

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલામાં રહેતા એક નિવૃત્ત શિક્ષકને પીએમ મુદ્રા યોજનામાં લોન અપાવવાની લાલચ આપી વિવિધ ટ્રાન્ઝેકશન કરાવી રૂપિયા ૧૦ લાખનો ચુનો લગાવ્યો હતો. બનાવ અંગે અશોકભાઈ દયાશંકરભાઈ મહેતા (ઉ.વ.૫૮) એ બે અજાણ્યા ફોન તથા વોટ્સએપ નંબર ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમને ફોન કરી તેમના વોટ્સએપ નંબરમાં જરૂરી ડોક્યુમેન્ટના ફોટા મંગાવી, બનાવટપૂર્વક અપ્રમાણિકતાથી તેઓ પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં લોન વિભાગમાં નોકરી કરતા હોવાની ખોટી ઓળખ આપી હતી. જે બાદ તેમને મુદ્રા યોજનામાં લોન આપવાની લાલચ આપી અલગ અલગ તારીખે ફોન પે તથા ગૂગલ પે દ્વારા વિવિધ રકમના ટ્રાન્ઝેકશન કરાવી કુલ ૧૦,૧૫,૦૯૩ રૂપિયાની ઠગાઈ કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એચ.એમ. અગ્રાવત વધુ તપાસ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૨૫-૦૭-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૮,
સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

દૈનિક રાશિફળ

તા.૨૫-૦૭-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઇ રહ્યા છો.

વૃષભ: આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવા જરૂરી છે. આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન: આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. આજે કોઈની સાથે વ્યવહાર કરતી વખતે વિશેષ કાળજી લો.

કર્ક: આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

સિંહ: આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે.

કન્યા: તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી.

તુલા: આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે.

વૃશ્ચિક: તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છે. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો.

ધન: આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર: કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી.

કુંભ: આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.

મીન: લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે.

માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીમાં વેલકમ ડેની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૨૪



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તારીખ ૨૩/૦૭/૨૦૨૫ ના રોજ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓને આવકારવા અને સત્કારવા માટે વેલકમ ડેની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા દીપ પ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગિરીશભાઈ વેલિયત સાહેબે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્ટાફ તથા સંસ્થાનો પરિચય આપી સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વાત કરી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણીની ખાસ ઉપસ્થિતિ રહી હતી. તેઓએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થિનીઓને અભ્યાસ ઉપરાંત સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો તથા વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ખાંભાના હાથીયા ડુંગરની સીમમાંથી દવા છાંટવાનો પંપ, પાવડો ચોરાયા

૪ દાતરડી પણ તસ્કરો ઉઠાવતા ગયા

ખાંભા, તા.૨૪

ખાંભાના હાથીયા ડુંગરની સીમમાં વાડીએથી ખેતીવાડીના સાધનો ચોરાયા હતા. બનાવ અંગે દિનેશભાઈ સુરાભાઈ પરમાર (ઉ.વ.૫૬)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ખાંભા ગામે હાથીયા ડુંગર પાસે આવેલી સીમમાં મનુભાઈ રૂડાભાઈ આંબલીયાની ચાર વીઘા જમીન રાખી હતી. વાડીએથી દવા છાંટવાનો પંપ, પાવડો, પાણીના પાઈપનો ફુવારો, ચાર દાતરડી મળી કુલ રૂપિયા ૪૧૦૦ની ખેતીવાડીની ચીજવસ્તુઓની અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલામાં યુવકને જેમ ફાવે તેમ ગાળો બોલી ગાલ પર ફડાકા ઝીંક્યા

શરીરે આડેધડ ઢીકાપાટુનો માર પણ માર્યો

રાજુલા, તા.૨૪

રાજુલામાં રહેતા અને સેન્ટીંગકામ કરતાં વિવેકભાઈ ખીમજીભાઈ વાઘ (ઉ.વ.૨૫) એ ઈન્દ્રજીત ધાધલ તથા રાજભાઈ અને બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ તેમનું મોટરસાયકલ લઈને હોટલમાં જમવા માટે જતા હતા. મોટરસાયકલ સાહેદ ચલાવતા હતા અને તેઓ પાછળ બેઠા હતા. તેમની મોટરસાયકલ આગળ આરોપી-રાજ રહે.જાફરાબાદ વાળો બુલેટ લઈને તથા તેની બાજુમાં અજાણ્યો આરોપી મોટરસાયકલ લઈ જતા હતા. તેમની મોટરસાયકલ તેઓ બન્નેની બાજુમાંથી નીકળતા તેમની સામે જોઈ ઉભા રાખી જ્ઞાતિ વિશે પૂછી અપમાનજનક શબ્દો બોલ્યા હતા. ઉપરાંત આરોપીઓએ ગાલ ઉપર ઝાપટો મારી તેમજ સાથેના ત્રણેય આરોપીઓએ તેમને શરીરે આડેધડ ઢીકાપાટુ વડે માર મારી મુંઢ ઈજાઓ કરી હતી. ઉપરાંત સાહેદને પણ મુંઢમાર મારી મુંઢ ઈજાઓ કરી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

વાંશીયાળી અને અમરેલીમાં પરિણીતાને કરિયાવર મુદ્દે સાસરિયાની કનડગત

જિલ્લામાં વધુ બે પરિણીતા પર સાસરિયાએ અત્યાચાર ગુજાર્યો

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં વધુ બે પરિણીતા પર સાસરિયાએ અત્યાચાર ગુજાર્યો હતો. હાલ અમરેલી જેસિંગપરામાં રહેતી મૂળ ચાડીયા ગામની આશાબેન રોહિતભાઈ સાવલીયા (ઉ.વ.૨૪) એ પતિ રોહીતભાઈ મુકુંદભાઈ સાવલીયા, સાસુ દમયંતિબેન મુકુંદભાઈ સાવલીયા, સસરા મુકુંદભાઈ પોપટભાઈ સાવલીયા તથા નણંદ જાનવીબેન મુકુંદભાઈ સાવલીયા સામે તેમના લગ્નના તા.૨૮/૦૧/૨૦૨૪ થી તા.૧૨/૦૨/૨૦૨૫ દરમ્યાન તેમને ચાડીયા તેમજ અમદાવાદ મુકામે ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી, ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના વાંશીયાળી ગામે રહેતી વનિતાબેન ત્રિભુવનભાઈ બોરીસાગર (ઉ.વ.૩૪)એ મૂળ ધારીના ફાચરીયા ગામના અને હાલ રાજકોટમાં રહેતા પતિ સૂર્યકાંતભાઈ બાબુભાઈ જોષી સામે ઘરકામ બાબતે માથાકૂટ કરી શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપીને રિસામણે જવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવી હતી. વંડા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જે. લકુમ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

નવા ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે?

ઉપરાષ્ટ્રપતિનું રાજીનામું અને તેની આસપાસના રાજકીય પડઘા માની ન શકાય તેટલા મોટા છે. તેની પાછળના સાચા કારણો હજુ બહાર આવ્યા નથી તે પણ એક હકીકત છે. ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે અચાનક રાજીનામું આપતાં દેશમાં એક નવી રાજકીય સ્થિતિ ઊભી થઈ છે. તેમના રાજીનામાને કારણે ઉપરાષ્ટ્રપતિ પદ માટે મધ્યસત્ર ચૂંટણી યોજવી પડશે. આ ઘટનાક્રમ એટલા માટે મહત્વનો છે કારણ કે ભારતીય બંધારણમાં 'કાર્યકારી ઉપરાષ્ટ્રપતિ'ની કોઈ જોગવાઈ નથી. આ સંજોગોમાં, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ હાલ પૂરતું ગૃહનું અધ્યક્ષપદ સંભાળશે, અને ચૂંટણી પંચ ટૂંક સમયમાં જ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરશે. એક અસામાન્ય ઘટના અચાનક બની. રાષ્ટ્રપતિએ રાજીનામું આપ્યું. જગદીપ ધનખડ દેશના ઈતિહાસમાં એવા ત્રીજા ઉપરાષ્ટ્રપતિ છે જેમણે પોતાનો કાર્યકાળ પૂરો કરતા પહેલા રાજીનામું આપ્યું છે. અગાઉ વી.વી. ગિરી અને આર. વેંકટરામને રાષ્ટ્રપતિની ચૂંટણી લડવા માટે રાજીનામું આપ્યું હતું. જોકે, ધનખડના રાજીનામાનું કારણ હજુ સ્પષ્ટ નથી, પરંતુ તેનાથી રાજકીય વર્તુળોમાં અનેક અટકળો ચાલી રહી છે. રાષ્ટ્રપતિ પદ માટે બંધારણમાં ખાલી જગ્યા છ મહિનામાં ભરવાની જોગવાઈ છે, પરંતુ ઉપરાષ્ટ્રપતિ પદ માટે આવી કોઈ નિશ્ચિત સમયમર્યાદા નથી. છતાં, પદ ખાલી થયા પછી શક્ય તેટલી વહેલી તકે ચૂંટણીઓ યોજવી જરૂરી છે. આ ચૂંટણી 'રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ, ૧૯૫૨' હેઠળ થાય છે. ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના બંને ગૃહો – લોકસભા અને રાજ્યસભા – ના ચૂંટાયેલા અને નામાંકિત સભ્યો દ્વારા થાય છે. રાષ્ટ્રપતિની ચૂંટણીથી વિપરીત, રાજ્ય વિધાનસભાઓના સભ્યો આમાં ભાગ લેતા નથી. આ ચૂંટણી સંસદ ભવનમાં ગુપ્ત મતદાન દ્વારા 'સિંગલ ટ્રાન્સફરેબલ વોટ' સિસ્ટમથી થાય છે. દરેક સાંસદ પસંદગીના ક્રમમાં ઉમેદવારોને મત આપે છે. વિજેતા બનવા માટે, ઉમેદવારે કુલ માન્ય મતોના અડધાથી વધુ મતો (ક્વોટા) મેળવવા પડે છે. જો પ્રથમ રાઉન્ડમાં કોઈ ઉમેદવાર ક્વોટા ન મેળવે, તો સૌથી ઓછા મત મેળવનાર ઉમેદવારના મત બાકીના ઉમેદવારોને તેમની બીજી પસંદગીના આધારે ટ્રાન્સફર થાય છે, જ્યાં સુધી કોઈ એક ઉમેદવાર ક્વોટા પાર ન કરે. ઉપરાષ્ટ્રપતિ બનવા માટે વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ, ઓછામાં ઓછો ૩૫ વર્ષનો હોવો જોઈએ, રાજ્યસભામાં ચૂંટાઈ આવવા માટે લાયક હોવો જોઈએ, અને કોઈપણ સરકારી નફાકારક પદ ધરાવતો ન હોવો જોઈએ. રાજકીય ગરમાવો અને વિપક્ષની રણનીતિ જગદીપ ધનખડના રાજીનામા બાદ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. કોંગ્રેસ સહિતના વિપક્ષી દળો સંયુક્ત ઉમેદવાર ઉતારવાના સંકેત આપી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ આ ચૂંટણીને માત્ર એક પ્રક્રિયા નહીં, પરંતુ એક 'વૈચારિક લડાઈ' તરીકે જોઈ રહ્યા છે. તેમનો દાવો છે કે ધનખડનું રાજીનામું સામાન્ય નથી, કારણ કે ન તો કોઈ વિદાય સમારોહ યોજાયો કે ન તો કોઈ વિદાય ભાષણ અપાયું. વિપક્ષી સૂત્રોનું માનવું છે કે, રાજ્યસભામાં બે ન્યાયાધીશો (જસ્ટિસ યશવંત વર્મા અને જસ્ટિસ શેખર યાદવ) સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી ચાલી રહી હતી, અને તેને સ્વીકારવાનું ટાળવા માટે ધનખડે રાજીનામું આપ્યું હોઈ શકે છે. રાજીનામાના દિવસે બનેલી ઘટનાઓ પણ આ દલીલને સમર્થન આપે છે, જેમાં બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં થયેલી ચર્ચા અને મહાભિયોગની નોટિસ અધ્યક્ષ કાર્યાલયમાં સુપરત કરાઈ તે મુખ્ય છે.

શિવકૃપા પ્રાપ્ત કરવાનો અણમોલ અવસર

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અતિ પ્રાચીન સમયથી શ્રાવણ મહિનાને આધ્યાત્મિક પ્રગતિનો સમય માનવામાં આવે છે. માનવી સંસારમાં આવે છે ત્યારે તેને આધ્યાત્મિક પ્રગતિ માટેનો રસ્તો બતાવવામાં આવે છે. તે સત્ય સમજવા માટે શિવના શરણે જાય છે. વર્ષમાં શ્રાવણ મહિનો શિવ આરાધનાનો અવસર બને છે. શ્રાવણ માસ ખાસ કરીને ભગવાન શિવને સમર્પિત છે. આ મહિનો સામાન્ય રીતે જુલાઈ કે ઓગસ્ટમાં આવે છે. હિન્દુ જીવનમાં શ્રાવણનું વિશેષ સ્થાન છે, કારણકે આ સમયે ભક્તિ, ઉપવાસ, સાધના અને પૂજાપાઠનું આધ્યાત્મિક વાતાવરણ છવાયું હોય છે. માન્યતા છે કે સમુદ્રમંથન સમયે જ્યારે હળાહળ વિષ નીકળ્યું ત્યારે ભગવાન શિવે તે પીધું, જેના કારણે તેઓ 'નીલકંઠ' તરીકે ઓળખાયા. તેમનું આ ત્યાગ શ્રાવણ મહિનાના મહત્વ સાથે જોડાયેલું છે; એટલા માટે ભક્તો શ્રાવણમાં શિવલિંગ પર જળ ચઢાવી, વિશેષ આરાધના કરે છે. શ્રાવણ માસ વ્યક્તિગત આધ્યાત્મિક વિકાસ માટે શ્રેષ્ઠ સમય છે. શ્રાવણના દરેક સોમવારે જુદા-જુદા ઉપવાસ અને પૂજાનાં નિયમોનું પાલન કરવામાં આવે છે. ભક્તો ભગવાન શિવના મંદિરોમાં જઈ, શિવલિંગ પર ગંગાજળ, પાવસ, દૂધ, દહીં, ઘી, મધ અને બિલ્વપત્ર અર્પણ કરે છે. ભગવાન શિવ માટે 'ૐ નમઃ શિવાય' ના જાપ, રુદ્રાષ્ટક, શિવ ચાલીસા, રુદ્રાભિષેક અને મહામૃત્યુંજય મંત્રના પાઠ જરૂર કરાય છે. શ્રેષ્ઠ માન્યતા એ છે કે આ ઉપવાસ, શુદ્ધિ અને ભક્તિથી પુણ્ય કર્મો પ્રાપ્ત થાય છે અને દુઃખ-કષ્ટો નિવારે છે. શ્રાવણ મહિનાના સોમવારનું મહત્વ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માની ન શકાય એટલું વધુ છે. વિદેશમાં રહેતા ભારતીયો પણ શ્રાવણ મહિનો ભાવ ભક્તિથી ઉજવે છે. શ્રાવણ મહિનો હિંદુ ધર્મમાં, ખાસ કરીને ગુજરાતમાં, ખૂબ જ પવિત્ર ગણાય છે. આ આખો મહિનો ભગવાન શિવને સમર્પિત છે, અને એમાંય સોમવારનું મહત્વ સૌથી વધારે છે. ચાલો, સાવ સાદી ભાષામાં સમજીએ કે શ્રાવણના સોમવાર શા માટે આટલા ખાસ છે: શિવજીનો પ્રિય દિવસ છે. સોમવાર ભગવાન શિવનો પ્રિય દિવસ મનાય છે. શાસ્ત્રોમાં પણ આ વાતનો ઉલ્લેખ છે. એટલે શ્રાવણ મહિનામાં જ્યારે સોમવાર આવે છે, ત્યારે શિવભક્તો માટે તે વધુ મહત્વનો બની જાય છે. એવું કહેવાય છે કે આ દિવસે ભોલેનાથની પૂજા કરવાથી તેઓ જલદી પ્રસન્ન થાય છે. મનોકામના પૂર્તિનો દિવસ પણ છે. ઘણી કુંવારી કન્યાઓ સારા વરની પ્રાપ્તિ માટે શ્રાવણ મહિનાના સોમવારે વ્રત રાખે છે. એવી માન્યતા છે કે આ દિવસે શિવજીની ભક્તિ કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે. પરણિત સ્ત્રીઓ પણ પોતાના પતિના લાંબા આયુષ્ય અને પરિવારની સુખ-શાંતિ માટે આ વ્રત કરે છે. ઉપવાસ અને પૂજાનું મહત્વ સૌથી વધુ છે. શ્રાવણના સોમવારે લોકો ઉપવાસ રાખે છે. ઘણા લોકો નિર્જળા ઉપવાસ કરે છે, તો કેટલાક ફળાહાર કરીને ઉપવાસ પાળે છે. સવારમાં વહેલા ઉઠીને સ્નાન કરી, શિવમંદિરે જઈને શિવલિંગ પર જળાભિષેક, દૂધાભિષેક, બિલિપત્ર, ધતૂરો, આકડો અને અન્ય પૂજા સામગ્રી ચઢાવવામાં આવે છે. "ઓમ નમઃ શિવાય" મંત્રનો જાપ પણ કરવામાં આવે છે. ભગવાનની ભક્તિ કરવાથી નકારાત્મકતા દૂર થાય છે. મન પ્રસન્ન અને પોઝિટિવ બને છે. જીવનની નકારાત્મકતા



દૂર થાય છે. સફળતાના દ્વાર ખુલે છે. એવી માન્યતા છે કે શ્રાવણના સોમવારે શિવજીની ભક્તિ કરવાથી ગ્રહદોષો દૂર થાય છે અને નકારાત્મક ઊર્જાનો નાશ થાય છે. જીવનમાં આવતી મુશ્કેલીઓ ઓછી થાય છે અને સકારાત્મકતાનો સંચાર થાય છે. આધ્યાત્મિક શાંતિ માટે પણ ઉપવાસ અત્યંત જરૂરી છે. આ મહિનામાં અને ખાસ કરીને સોમવારે શિવજીની પૂજા-અર્ચના કરવાથી મનને અપાર શાંતિ મળે છે. ભક્તોને આધ્યાત્મિક અનુભૂતિ થાય છે અને ઈશ્વર સાથેનું જોડાણ વધુ મજબૂત બને છે. ટૂંકમાં, શ્રાવણ મહિનાનો સોમવાર એ ભગવાન શિવની ભક્તિ, આશીર્વાદ મેળવવા અને મનોકામનાઓ પૂર્ણ કરવા માટેનો એક અત્યંત શુભ અને પવિત્ર દિવસ છે. શ્રાવણ મહિનો એટલે તહેવારોનો મહિનો! આ આખો મહિનો ભક્તિ, પૂજા અને ઉત્સાહથી ભરેલો હોય છે. શ્રાવણમાં આવતા મુખ્ય તહેવારોનું મહત્વ આપણે સાવ સાદી ભાષામાં સમજીએ. નાગપંચમી મહત્વનો તહેવાર છે. નાગપંચમીનો તહેવાર શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષની પાંચમના દિવસે આવે છે. આપણા દેશમાં નાગને દેવતા તરીકે પૂજવામાં આવે છે. નાગપંચમીના દિવસે નાગદેવતાની પૂજા કરવામાં આવે છે. આ દિવસે લોકો નાગના દર પર દૂધ ચડાવે છે અને તેમને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરે છે. નાગને ખેતરનો રક્ષક માનવામાં આવે છે, કારણ કે તે ઉંદર અને બીજા જીવજંતુઓનો નાશ કરીને પાકને બચાવે છે. એટલે તેમને 'ક્ષેત્રપાળ' પણ કહેવાય છે. નાગપૂજા પાછળ એવી પણ માન્યતા છે કે તે કુટુંબને સાપ કરડવાથી થતી મુશ્કેલીઓથી બચાવે છે અને કાલસર્પ દોષ જેવા ગ્રહદોષોને પણ દૂર કરે છે. રક્ષાબંધનનો તહેવાર શ્રાવણ મહિનાની પૂર્ણિમા (પૂનમ) ના દિવસે ઉજવાય છે. આ તહેવાર ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પવિત્ર સંબંધનું પ્રતીક છે. આ દિવસે બહેન પોતાના ભાઈના કાંડે રાખડી બાંધે છે અને ભાઈના લાંબા આયુષ્ય, સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. બદલામાં ભાઈ બહેનને રક્ષા કરવાનું વચન આપે છે અને ભેટ આપે છે. રક્ષાબંધનનો મૂળ અર્થ 'રક્ષાનું બંધન' છે. પ્રાચીન કાળથી આ પરંપરા ચાલી આવે છે, જેમાં બહેન ભાઈના રક્ષણ માટે દોરો બાંધતી હતી. આ દિવસે બ્રાહ્મણો પણ પોતાની જનોઈ બદલે છે, જેને 'શ્રાવણી ઉપાકર્મ' કહેવાય છે. કેટલાક વિસ્તારોમાં આ દિવસે દરિયાકિનારે સમુદ્રપૂજન પણ કરવામાં આવે છે, જેને નારિયેળી પૂનમ કહે છે. શીતળા સાતમનો તહેવાર શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષની સાતમના દિવસે ઉજવાય છે. આ દિવસે શીતળા માતાની પૂજા કરવામાં આવે છે. શીતળા માતાને રોગો, ખાસ કરીને શીતળા (અછબડા) જેવા ચામડીના રોગોથી બચાવનાર દેવી માનવામાં આવે છે. આ દિવસે મોટાભાગના ઘરોમાં ગરમ ભોજન બનાવવામાં આવતું નથી. લોકો એક દિવસ પહેલા, એટલે કે રાંધણ છઠના દિવસે, રસોઈ બનાવી લે છે અને શીતળા સાતમે ઠંડું ભોજન લે છે. એવી માન્યતા છે કે આ દિવસે શીતળા માતાની પૂજા કરવાથી બાળકોને રોગ થતા નથી અને પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે. શીતળા માતાના હાથમાં સૂપડું અને સાવરણી હોય છે, જે સ્વચ્છતા અને સુઘડતાનું પ્રતીક છે. આ તહેવાર પરોક્ષ રીતે સ્વચ્છતાનું મહત્વ પણ સમજાવે છે. જન્માષ્ટમીનો તહેવાર શ્રાવણ મહિનાના કૃષ્ણ પક્ષની આઠમના દિવસે, એટલે કે શીતળા સાતમના બીજા દિવસે ઉજવાય છે. આ દિવસ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ દિવસ તરીકે ઉજવાય છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ અડધી રાત્રે કારાગૃહમાં થયો હતો. આ દિવસે ભક્તો ઉપવાસ રાખે છે અને રાત્રે ૧૨ વાગ્યે શ્રીકૃષ્ણનો જન્મ થાય ત્યારે પારણા કરે છે. મંદિરોમાં ભગવાનના પારણા ઝુલાવવામાં આવે છે, ભજન-કીર્તન થાય છે અને ઠેર ઠેર "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી" ના નારા ગુંજી ઉઠે છે. ઘણી જગ્યાએ દહીં હાંડીના કાર્યક્રમો પણ યોજાય છે, જેમાં ગોવિંદાની ટુકડીઓ ઊંચે બાંધેલી માટલી ફોડે છે. જન્માષ્ટમીનો તહેવાર ભગવાનના પૃથ્વી પર અવતરણની ખુશી અને ધર્મની સ્થાપનાના સંદેશને યાદ કરાવે છે. આમ, શ્રાવણ મહિનો માત્ર ભક્તિનો જ નહીં, પણ પરંપરા, પરિવારના સંબંધો અને પ્રકૃતિ સાથેના જોડાણનો પણ મહિનો છે. શ્રાવણ સોમવારનાં વ્રત સાંસારિક સુખ, સુખી દાંપત્યજીવન, સંતાન સુખ અને વૈવાહિક સફળતા માટે પણ ખાસ મહિમા ધરાવે છે. શ્રાવણ મહિનાના તહેવારોમાં ગામડાં અને શહેરોમાં મેળા ભરાય છે, કથાઓ તથા ભજન-સંધ્યા આયોજિત થાય છે; સમગ્ર વાતાવરણ શ્રદ્ધા, સતત ભક્તિ અને ઉત્સાહથી દીપી ઉઠે છે. શ્રાવણ માસમાં પુણ્યકર્મ અને દાન કરવું. કર્મના સિદ્ધાંત મુજબ આપવાથી એટલે કે અર્પણ કરવાથી દાન કરવાથી પુણ્યનો ઉદય થાય છે અને વધુ સુખ, શાંતિ અને સમૃદ્ધિ મળે છે. હિન્દુ ગ્રંથોમાં માન્યતા છે કે શ્રાવણમાં કરવામાં આવેલ દાન (વિશેષરૂપે અન્નદાન)નું ફળ સો ગણુ મળે છે. શ્રાવણમાં આચાર, ઉપવાસ, દાનથી જીવન શુદ્ધ બને છે અને સમાજ-અનુશાસનના ગુણો વિકસે છે. શ્રાવણ એટલે માત્ર ઋતુનો ફેરફાર નહીં પણ જીવનમાં સર્વાંગીક રૂપરેખાનો યોગ્ય માર્ગ છે. ભક્તિ, ઉપવાસ, પૂજા અને શ્રદ્ધાને અનુભવનાર શ્રાવણ સમાપન સુધી ભક્તો ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

શબ્દ સંજોગ-૨૦૪૧



આડી ચાવી :
(૧) જમાવ, ભરાવો (૩)
(૩) નિભાવ, પોષણ (૩)
(૬) ભીમનું હથિયાર (૨)
(૭) વાસણ મૂકવા માટે પાણિયારા પર કરેલી બેસણી (૩)
(૮) આ બલા પકડ .... (૨)
(૯) પાસે, નજીક (૪)
(૧૧) ..... પૈસે લહેર કરનારાં ઘણાં છે (૩)
(૧૩) પગથિયાંવાળો કૂવો (૨)
(૧૪) મેરા નામ ... (૩)
(૧૭) એક વૃક્ષ (૩)
(૧૯) ઝેર (૨)
(૨૧) ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણોને અપાતું દાન (૩)
(૨૩) નધરોળ, સુધરે નહી એવો (૨)
(૨૪) મૂળ, પાયો (૨)
(૨૫) જુસ્સો, બળ (૨)
(૨૭) વરાળ, પરસેવો (૨)
(૨૯) ભારતનું એક રાજય (૨)
(૩૦) એક નક્ષત્ર (૪)
(૩૧) દર્દને જ..... માની લેનારાને બચાવવાનો કોઈ ઉપચાર બાકી રહેતો નથી (૨)

ઉભી ચાવી :
(૧) જગત, દુનિયા (૨)
(૨) ખુલ્લી જગા (૩)
(૩) ..... હલાલ (૩)
(૪) પીરસેલી થાળી (૨)
(૫) સળી, પીંછી (૩)
(૭) ગાંધીજી આવા જ વસ્ત્રો પહેરવાનો આગ્રહ રાખતા (૨)
(૮) મનનો ભેદ, મર્મ (૨)
(૧૦) મુસલમાનો મડદું દાટવા લઈ જાય તે ખાટલી (૩)
(૧૧) ચાર આના (૩)
(૧૨) દરેક વ્યક્તિનો ..... અલગ હોય છે (૩)
(૧૫) જીવનસાથી પસંદગીમાં આ પણ જોવાય છે (૨)
(૧૬) રક્ષાયેલું (૩)
(૧૮) અદબ, મર્યાદા (૩)
(૨૦) ચોમાસું પાક (૩)
(૨૨) ગોળધાણા મિશ્ર થઈ ગયા (૪)
(૨૬) આવ્યાં તા... ને બેસાડયા દળવા (૩)
(૨૭) બંગાળી અમલદાર (ઉપરી) માટે વપરાતો શબ્દ (૨)
(૨૮) સૂય, સૂરજ (૨)

શબ્દ સંજોગ-૨૦૪૦ જવાબ

આડી ચાવી: (૧) ઉલૂપી (૩) હમામ (૬) રસાલ (૮) દમણ (૧૦) માસા (૧૩) હેત (૧૪) અંતરા (૧૭) એબ (૧૮) અંત (૧૯) જવાબ (૨૦) સૂતર (૨૧) આસો (૨૩) પાડી (૨૪) આત્મ (૨૫) હરખ (૨૬) મલમ (૨૭) મૌન (૨૮) રતિ.
ઉભી ચાવી : (૧) ઉપમા (૨) પીર (૩) હલ (૪) મદ (૫) તાણ (૭) સાલ (૯) મરી (૧૧) સાહેબ (૧૨) શ્વેત (૧૪) અંતર (૧૫) રાજસી (૧૬) અબઘડી (૧૭) એશઆરામ (૧૮) અંતરાત્મા (૨૨) મોહન (૨૩) પાખર (૨૪) આમ.

માર્કેટયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૩૦૦	૧૬૯૮
ઘઉં લોકવન	૪૯૮	૫૩૧
ઘઉં ટુકડા	૫૦૪	૫૭૦
જુવાર સફેદ	૬૦૫	૮૪૭
જુવાર લાલ	૬૦૦	૯૧૯
બાજરી	૩૦૩	૪૪૭
તુવેર	૧૦૬૦	૧૩૩૦
ચણા પીળા	૧૦૦૦	૧૨૩૫
ચણા સફેદ	૧૨૫૦	૨૧૧૦
અડદ	૧૦૫૩	૧૪૬૪
મગ	૧૩૨૧	૧૬૫૧
વાલ દેશી	૯૮૦	૧૧૩૦
ચોળી	૧૦૩૦	૧૫૦૧
મઠ	૧૧૦૦	૨૧૦૦
વટાણા	૧૦૦૦	૨૧૭૦
કળથી	૫૬૫	૭૭૫
રાજમા	૯૫૦	૧૪૫૦
સીંગદાણા	૧૩૫૦	૧૪૫૦
મગફળી જાડી	૯૪૦	૧૧૯૩
મગફળી જીણી	૯૩૦	૧૧૭૧
તલી	૧૫૫૦	૧૯૪૦
એરંડા	૧૨૦૦	૧૩૦૪
સુવા	૧૦૮૦	૧૨૬૦
સોયાબીન	૮૦૦	૮૪૭
સીંગફાડા	૯૫૦	૧૩૧૦
કાળા તલ	૨૯૭૦	૪૦૦૦
લસણ	૫૫૦	૮૫૦
ધાણા	૧૨૫૦	૧૪૮૦
ધાણી	૧૩૦૦	૧૫૦૦
વરીયાળી	૯૪૫	૧૨૨૦
જીરૂ	૩૪૪૦	૩૬૩૦
રાય	૧૨૨૦	૧૫૨૦
મેથી	૮૧૦	૧૨૫૦
ઇસબગુલ	૧૦૦૦	૧૧૧૧
અશેરીયો	૧૧૭૦	૧૨૫૦
કલોંજી	૨૧૦૫	૪૦૭૦
રાયડો	૧૧૫૦	૧૨૬૦
રજકાનું બી	૪૮૧૫	૬૦૦૦
ગુવારનું બી	૯૦૦	૯૮૮

રાજકોટ (શાકભાજી)

બટેટા	૧૬૦	૩૩૧
ડુંગળી સુકી	૧૦૫	૩૦૫
મગફળી લીલી	૫૦૦	૧૧૦૦

ગોંડલ

કપાસ	૭૪૧	૧૬૮૬
ઘઉં લોકવન	૫૨૦	૫૯૨
ઘઉં ટુકડા	૫૩૦	૫૯૮
મગફળી જીણી	૭૪૧	૧૦૯૬
સિંગદાણા જાડા	૧૦૬૧	૧૪૭૧
સિંગ ફાડીયા	૮૦૦	૧૩૦૧
એરંડા / એરંડી	૮૨૬	૧૩૧૬
જીરૂ	૨૮૦૧	૩૮૨૧
ક્લંજી	૧૮૦૧	૩૯૯૧
વરીયાળી	૧૧૭૧	૧૧૭૧
ધાણા	૯૫૧	૧૫૫૬
લસણ સુકું	૫૧૧	૧૦૬૧
ડુંગળી લાલ	૯૬	૨૬૬
અડદ	૧૧૫૧	૧૪૫૧
મઠ	૧૩૬૧	૧૩૬૧
તુવેર	૧૧૫૧	૧૩૧૧
રાયડો	૧૨૦૧	૧૩૩૧

રાય	૧૩૦૧	૧૪૩૧
મેથી	૭૦૦	૧૦૮૧
સુવાદાણા	૧૦૪૧	૧૦૪૧
કાંગ	૨૫૧	૬૧૧
સુરજમુખી	૯૯૧	૧૨૪૧
મગફળી જાડી	૭૨૧	૧૨૦૬
સફેદ ચણા	૧૧૮૧	૨૧૨૧
મગફળી નવી	૫૭૧	૧૧૯૬
ધાણી	૧૦૫૧	૧૬૦૧
ડુંગળી સફેદ	૧૦૧	૨૧૧
બાજરો	૨૫૧	૪૧૧
જુવાર	૩૫૧	૭૫૧
મકાઇ	૪૦૧	૫૦૧
મગ	૧૩૦૦	૧૬૬૧
ચણા	૧૦૫૧	૧૨૧૬

અમરેલી

શિંગ મઠડી	૧૦૫૬	૧૦૫૬
શિંગ ૬૬ નંબર	૮૫૨	૮૫૨
શિંગ મોટી	૮૫૧	૧૧૬૭
શિંગ દાણા	૧૩૦૦	૧૪૫૦
શિંગ ફાડા	૧૨૬૦	૧૪૪૬
તલ સફેદ	૧૦૦૦	૧૯૮૦
તલ કાળા	૨૦૦૦	૪૦૦૧
તલ કાશ્મીરી	૧૬૮૦	૨૧૨૫
બાજરો	૩૫૦	૫૪૬

જુવાર	૫૩૦	૮૧૧
ઘઉં ટુકડા	૪૫૦	૫૪૩
ઘઉં લોકવન	૪૦૪	૫૩૭
મગ	૧૦૧૦	૧૫૯૩
અડદ	૯૦૦	૯૯૦
ચણા	૧૦૨૫	૧૨૧૨
ચણા સફેદ	૧૧૭૦	૧૧૮૦
છોલે ચણા	૧૬૫૦	૧૬૫૦
તુવેર	૭૨૫	૧૨૮૧
કપાસ	૭૬૭	૧૭૦૦
એરંડા	૧૨૧૦	૧૨૮૫
જીરૂ	૩૩૯૦	૩૪૦૦
ધાણા	૭૦૦	૧૪૭૫
મેથી	૮૨૫	૯૨૦
સોયાબીન	૭૦૦	૮૧૬

સાવરકુંડલા

શીંગ મોટી	૧૦૬૦	૧૦૮૭
શીંગ દાણા	૧૩૦૦	---
તલ સફેદ	૧૪૦૦	૧૮૦૧
તલ કાળા	૩૪૫૦	૩૯૧૨
જીરૂ	૩૦૦૦	૩૬૬૧
કપાસ	૧૪૦૦	૧૬૫૦
ઘઉં લોકવન	૪૪૫	૫૧૦
ઘઉં ટુકડા	૪૯૦	૫૪૦
બાજરો	૩૩૦	૫૦૫
જુવાર	૬૫૦	૭૯૫
મગ	૧૧૫૦	૧૩૫૦
ચણા	૧૦૮૦	૧૨૨૪
તુવેર	૧૦૫૦	૧૩૦૦
મેથી	૬૦૦	૮૦૧

બગસરા

કપાસ	૧૦૦૦	૧૬૦૦
ઘઉં લોકવન	૪૯૦	૪૯૦
ઘઉં ટુકડા	૪૩૫	૫૩૧
ચણા	૧૦૨૦	૧૧૭૦
તલ સફેદ	૧૦૫૫	૧૮૬૫
સોયાબીન	૭૬૦	૮૦૪
શીંગ ફાડા	૧૨૫૦	૧૨૫૦
ધાણા	૧૨૬૦	૧૨૬૦
ચોળી	૯૩૫	૯૩૫
શીંગદાણા	૧૦૮૦	૧૩૮૦
જુવાર	૬૦૦	૬૦૦
તુવેર	૧૧૬૫	૧૧૬૫
મગફળી	૮૩૫	૮૮૦
મેથી	૭૨૫	૭૨૫

જુવાર	૪૫૦	૮૭૦
મગ	૧૩૦૧	૧૫૦૧
ચણા	૧૧૦૧	૧૨૦૧
સોયાબીન	૭૩૦	૮૧૦

કોડીનાર

મગફળી જી-૨૦	૯૭૫	૧૧૩૧
મગફળી ૩૨ નં.	૯૭૦	૧૦૮૫
બાજરી હાઇબ્રીડ	૩૭૦	૫૨૯
ઘઉં	૪૫૦	૫૩
ચોળી	૮૦૦	૧૫૩૫
અડદ	૧૩૦૦	૧૪૮૯
મગ	૧૩૦૦	૧૭૩૫
ચણા	૧૧૦૦	૧૨૦૦
સફેદ તલ	૧૩૦૦	૧૭૮૦
કાળા તલ	૨૫૦૦	૩૯૮૦
સોયબીન	૭૨૫	૮૫૧
શીંગદાણા	૧૨૫૦	૧૫૮૨
રજકો	૩૫૦૦	૫૨૦૦

ભેંસાણ

કપાસ	૧૦૦૧	૧૬૬૬
ઘઉં	૪૦૦	૫૫૧
ચણા	૯૦૧	૧૧૮૧
તુવેર	૮૦૧	૧૨૫૧
મગફળી	૭૦૧	૧૦૧૬
શિંગ દાણા	૧૨૫૧	૧૩૫૧
શિંગ ફાડા	૧૧૦૧	૧૨૭૬
તલ સફેદ	૯૦૧	૧૬૫૧
મેથી	૭૦૧	૮૦૧
ધાણા	૧૦૦૧	૧૩૫૧
સોયાબીન	૭૦૧	૮૨૧

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળની ધોળા ખાતે બેઠક મળી

સંગઠન મજબૂત કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



અમરેલી,તા.૨૪

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળની ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા ખાતે તા૨૨ના રોજ બેઠક મળી હતી જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ કેન્દ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ વનરાજ સિંહ ખેર, રાષ્ટ્રીય બજરંગદળ ઉપસ્થિત રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનું સંગઠન મજબૂત કરવું જોઈએ એ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ હનુમાન ચાલીસા કેન્દ્ર ખોલવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર પ્રાંતમાં રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાના પ્રવાસનું આયોજન કરવામાં આવશે તે અંગે ચર્ચા કરી હતી. જેમાં કિશોરસિંહ ગોહિલ, વિઠ્ઠલભાઈ પટેલ, વિજયભાઈ શેઠ, અજયસિંહ વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ધોરાજીનાં કુંભારવાડા વિસ્તારમાં મોટરસાયકલ અથડાતાં પિતા-પુત્ર સાથે મારામારી કરી

ધોરાજી,તા.૨૪

ધોરાજીનાં કુંભારવાડા વિસ્તારમાં જુદા જુદા સમાજના બે વ્યક્તિ વચ્ચે મોટરસાયકલ અથડાતાં મારામારીનો બનાવ બુધવારે રાત્રે નોંધાયો હતો. આ મારામારીની ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. શહેરના કુંભારવાડા ભૂખી ચોકડી પાસે રહેતા પંકજ



ડાહ્યાભાઈ બાલધાએ પોલીસમાં ફરિયાદમાં જણાવેલ કે, બોદુ નજીર સંધિ, નજીર અને નદીમ નામના કુલ ત્રણ શખ્સોએ તેમના મકાનની દીવાલમાં ગાડી



ભટકાડતા સામાન્ય બાબતની બોલાચાલી થતા સામેવાળાએ ઉશ્કેરાઈ જઈને હોકી તેમજ ઢીકાપાટુનો માર મારીને પિતા-પુત્રને ઈજા કરી હતી. આથી ઈજાગ્રસ્ત પંકજભાઈ અને ડાહ્યાભાઈ બાલધાને તાત્કાલિક ધોરાજીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પંકજભાઈએ જણાવેલ કે, આરોપીઓ રાત્રે પીધેલા હોય અને ગાડી દિવાલ સાથે ભટકાડતા તેમના પિતાએ ઠપકો આપતા ત્રણેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. ધોરાજીનાં કુંભારવાડા વિસ્તારમાં અશાંતધારો લગાવવામાં આવ્યો છે.

સાવરકુંડલા શહેર ખાતે નેત્ર નિદાન કેમ્પમાં ૧૧૪ દર્દીઓએ લાભ લીધો



અમરેલી,તા.૨૪

ગુરુવારે સદ્‌ગુરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટીના પ્રમુખ ઋજુલ ગોડલીયા, વિનુભાઈ અદ્રોજા, વિમલભાઈ રામદેવપુત્રા, એમ. એમ. પટેલ તથા સુદર્શન નેત્રાલય હોસ્પિટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ૧૧૪ દર્દીઓએ લાભ લીધો હતો. તેમજ ૪૧ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા.

અમરેલીમાં બ્રહ્માકુમારીઝના સ્નેહમિલનમાં ૯૦૦ વ્યાપારી અને ઉદ્યોગપતિઓએ ભાગ લીધો

અમરેલી,તા.૨૪

અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ૯૦૦ વ્યાપારી અને ઉદ્યોગપતિઓના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે મુંબઈના ટીચર ટ્રેનર, મોટીવેશનલ સ્પીકર બ્ર.કુ. સ્વામીનાથને તનાવ મુક્ત રહી વ્યાપાર અને પરિવારની સંભાળ રાખવાની વિધિ સમજાવી હતી. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય



સંચાલિકા બ્રહ્મા.કુ. ગીતાદીદીએ શબ્દો દ્વારા કરેલ હતું. કાળુભાઈ ભંડેરી, દિનેશભાઈ ભુવા, ચતુરભાઈ અકબરી, સંજયભાઈ વણજારા, કેતનભાઈ સોનીએ દીપ પ્રાગટય કરેલ. આ પ્રસંગે ઈન્ટરનેશનલ સ્પીકર બ્ર.કુ. ડો. સ્વામીનાથન તથા બ્ર.કુ. ગીતાબહેનનું ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મોમેન્ટો તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન બ્ર.કુ. કિંજલદીદીએ કરેલ. કાર્યક્રમની આભારવિધિ ભગીરથભાઈ ત્રિવેદીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે બ.કુ. ચેતુભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. મિતાલીબેન, બ્ર.કુ. અર્ચનાબેને ભારે જહેમત ઉઠાવેલ તેમ ફિલ્ડ રીપોર્ટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

અમરેલીમાં રવિવારે ઓરકેસ્ટ્રાના સથવારે મોહમ્મદ રફીની શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાશે

ખ્યાતનામ ગાયકો પોતાના સુમધુર અવાજમાં ગીત રજૂ કરશે

અમરેલી તા ૨૪

અમરેલીમાં સદીના મહાન ગાયક સ્વ. મોહમ્મદ રફીની ૪૫ મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપવા ગુજરાતના નામાંકિત ગાયકોની એક ટીમ પોતાના સુમધુર અવાજમાં લાઈફ ઓરકેસ્ટ્રાના સથવારે સ્વરાંજલિ અર્પણ કરશે. તા ૨૭ ને રવિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે હોટલ એન્જલ ખાતે ગાયક મોહમ્મદ રફીને શ્રદ્ધાંજલિ આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમીર ખોખર ક્લાસિકલ સિંગર, બેબી તનવીર મલ્ટી સિંગર, હંસાબેન ગજ્જર વોઇસ ઓફ લતાજી-આશાજી, સિકંદર ખાન પઠાણ વોઇસ ઓફ રફી, રાજુ પંચોલી, ડો. હર્ષદ રાઠોડ વોઇસ ઓફ કિશોર, વિનુ ભરખડા વોઇસ ઓફ મુકેશ સહિતના ખ્યાતનામ ગાયકો પોતાના અવાજમાં જુના ગીતોથી શ્રોતાઓને ડોલાવશે.

ઉનાના નેસડા ગામની પ્રાથમિક શાળાના જર્જરિત વર્ગખંડોમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ મજબૂર

ઉના, તા. ૨૪

ઉના તાલુકાના નેસડા ગામની પ્રાથમિક શાળામાં ૧૧૮ વિદ્યાર્થીઓની સ્થિતિ દયનીય બની છે. શાળાના કુલ ૭ વર્ગખંડોમાંથી ૪ વર્ગખંડો અત્યંત જર્જરિત છે. ચોમાસા દરમિયાન વર્ગખંડોમાં પાણી ટપકે છે. મધ્યાહન ભોજનનું રસોડું છેલ્લા ૭ વર્ષથી બિસ્માર હાલતમાં છે. સંચાલકોને પોતાના ઘરેથી બાળકો માટે ભોજન બનાવીને લાવવું પડે છે. જર્જરિત સ્થિતિને કારણે શાળા બે પાળીમાં ચલાવવી પડે છે. શાળામાં પાયાની સુવિધાઓ નો પણ અભાવ છે. શૌચાલયની યોગ્ય વ્યવસ્થા નથી, માત્ર કામચલાઉ શૌચાલય બનાવવામાં આવ્યું છે. ચોમાસામાં આચાર્યને વીજ ઉપકરણોને



પ્લાસ્ટિકથી ઢાંકીને બચાવવા પડે છે. આચાર્યે ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી છે. અધિકારીઓ કહે છે કે મરામત માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને એજન્સી નક્કી થયા બાદ કામ શરૂ થશે. જોકે, આ વાત લાંબા સમયથી કહેવામાં આવે છે, પરંતુ ઉના પંથકની એક પણ શાળામાં મરામતનું કામ શરૂ થયું નથી. ગામમાં વૈકલ્પિક મકાન ભાડે ન મળતું હોવાથી વિદ્યાર્થીઓને જોખમ સાથે આ જર્જરિત શાળામાં અભ્યાસ કરવો પડે છે. શિક્ષણ વિભાગ તાત્કાલિક મરામતની કામગીરી શરૂ કરે તેવી માંગણી ઉઠી છે.

મોટા મહાકાય ડમ્પરોને કારણે ગામડાઓના રસ્તા ખખડધજ બન્યા

રાજસ્થળી, ચાંપાથળ પાસે શેત્રુંજી નદીમાંથી રેતખનનથી સ્થાનિક લોકોને હાડમારી

તાત્કાલિક રેત ખનન અટકાવવા ગ્રામજનોએ કરી માંગ

અમરેલી, તા.૨૪

ઈકોજોનના કારણે અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં રેતી ઉપાડવા માટે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તેમ છતાં અમરેલી જિલ્લાની મુખ્ય નદી શેત્રુંજીમાં છેલ્લા ઘણા સમયથી બેરોકટોક રેતખનન કરવામાં આવી રહ્યું છે જેના કારણે કાંઠાના વિસ્તારના ખેડૂતો, રહીશોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અમરેલી તાલુકાના રાજસ્થળી, ચાંપાથળ ગામોમાં છેલ્લા કેટલાય સમયથી શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી કરવામાં આવે



છે જેના કારણે આ ગામોમાં જવાના રસ્તાઓ પણ ખરાબ થયા છે જેથી ખેડૂતોને ખેતરે જવામાં પણ મુશ્કેલી પડે છે મહાકાય ડમ્પરોની બેરોકટોક અવર-જવરના કારણે સ્થાનિક ગ્રામજનોને રસ્તે નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. ખાણ ખનીજ વિભાગ તાત્કાલિક અસરથી કાર્યવાહી કરે અને આવા રેતી ચોરો ઉપર પગલા લે એવી આ બંને ગામના ગ્રામજનોએ માંગ કરી છે.

ધોરાજીમાં જેતપુર રોડ પર ભૂગર્ભ ગટર છલકાવાની સમસ્યા વિકટ બની

ધોરાજી,તા.૨૪

ધોરાજીમાં જેતપુર રોડ પર ભૂગર્ભ ગટર છલકાવાની સમસ્યા વિકટ બની છે, જેનાથી વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગટરના ગંદા પાણી રોડ પર ભરાઈ જવાથી દુર્ગંધ ફેલાય છે અને અવરજવર મુશ્કેલ બને છે. વેપારીઓને આખો દિવસ દુર્ગંધ સહન કરવી પડે છે, જ્યારે શાળાએ જતા બાળકો અને મંદિરે જતા વૃદ્ધોને ચાલવામાં મુશ્કેલી પડે છે. વારંવાર થતી આ સમસ્યાથી લોકોમાં ભારે નારાજગી છે. પાલિકાને રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ



ન આવતા, સ્થાનિકો તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે. આનાથી જાહેર આરોગ્ય અને દૈનિક પ્રવૃત્તિઓ પર ગંભીર અસર પડી રહી છે.

ધોરાજી કોર્ટનો દાખલારૂપ ચુકાદો: વિદેશ ભાગી ગયેલા પતિની મિલકત ટાંચમાં લઈ ભરણપોષણ ચૂકવવા આદેશ

ધોરાજી,તા.૨૪

ધોરાજીના પ્રિન્સિપલ ફેમિલી જજ જી.ડી. યાદવ સમક્ષ ઉપલેટાના અરજદાર સમીમબેન સરફરાજભાઈએ કરેલી દાદ મુજબ, ધોરાજી ફેમિલી કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં, વિદેશ ભાગી ગયેલા પતિ સરફરાજ સત્તારભાઈ ઠેબાની મિલકત ટાંચમાં લઈ તેની હરરાજી કરીને પત્ની અને સગીર પુત્રને ભરણપોષણ અપાવવાનો હુકમ કરવામાં આવ્યો છે. એડવોકેટ ધવલભાઈ છતાણી મારફતે થયેલી દલીલોને ધ્યાને લઈ, જજ જી.ડી. યાદવે દલીલો ગ્રાહ્ય રાખી અને રાજકોટ કલેક્ટરને સરફરાજભાઈની ઉપલેટા ખાતે આવેલી મિલકતને ટાંચમાં લઈ હરરાજી મારફતે વેચાણ કરાવી અરજદારને ચડત ખોરાકીના રૂપિયા વસૂલ અપાવવાનો હુકમ કર્યો છે. ભરણપોષણ ન ચૂકવવા માટે અદાલતમાં હાજર ન થતા પક્ષકારો માટે આ સીમાચિહ્નરૂપ ચુકાદો છે.

અમરેલીના આશાસ્પદ યુવાન પ્રણવ ટીંબડિયાનું અકાળે અવસાન : સંઘ પરિવારમાં શોકનો માહોલ

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત અધિકારી ગોવિંદભાઈ ટીંબડિયા અને રાષ્ટ્ર સેવિકા સમિતિના અંજનાબેન ટીંબડિયાના પુત્ર પ્રણવ ગોવિંદભાઈ ટીંબડિયાનું આજે ૩૦ વર્ષની નાની વયે અવસાન થયું છે. આ દુઃખદ ઘટનાથી ટીંબડિયા પરિવાર સહિત સમગ્ર સંઘ પરિવારમાં શોકનું મોજું ફરી



વળ્યું છે. સ્વર્ગસ્થ પ્રણવભાઈની પ્રાર્થનાસભા-બેસણું અમરેલી મુકામે તા. ૨૬ જુલાઈને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યે બી.એ. પી.એસ. સ્વામિનારાયણ મંદિર, પ્રમુખ વાટિકા, ગાંધીબાગ પાછળ, પોલીસ લાઈન સામે, ચિતલ રોડ, અમરેલી ખાતે રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, મોટા માંડવડા મુકામે તા. ૨૮ જુલાઈને સોમવારે રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યે શ્રી ગુરુજી હોલ, ગાયત્રી મંદિર પાસે, મોટા માંડવડા, તા. અમરેલી ખાતે પણ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લામાં આજરોજ હાઈપરટેન્શન-ડાયાબિટીસ તપાસણી કેમ્પ યોજાશે

અમરેલી, તા.૨૪

આજરોજ ૨૫ જુલાઈએ અમરેલી જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટરો ખાતે હાઈપરટેન્શન અને ડાયાબિટીસ તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવશે. ભારત સરકારના નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનિકેબલ ડિસીઝ અંતર્ગત આ કેમ્પ યોજાશે. ૩૦ વર્ષથી વધુ વયના નાગરિકોને આ "સાયલન્ટ કિલર" રોગોની તપાસ કરાવવા અને સારવાર મેળવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ધોરાજી પાલિકાની આગામી સાધારણ સભા પૂર્વે વિપક્ષે પોલીસ બંદોબસ્ત અને પારદર્શિતાની માંગ કરી

ધોરાજી,તા.૨૪

ધોરાજી પાલિકાની આગામી સાધારણ સભા સોમવાર, ૨૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ યોજાવાની છે, અને આ જનરલ બોર્ડ ગરમાગરમીભર્યું રહે તેવી સંભાવના છે. કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા ડી.એલ. ભાષાએ પોલીસ બંદોબસ્ત રાખવા માટે લેખિતમાં અરજી કરી છે. તેમણે નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત અરજી કરી જણાવ્યું છે કે, સાધારણ સભામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે પત્રકારો તેમજ શહેરના સામાન્ય નાગરિકોને પણ હાજર રાખવામાં આવે. આગામી સાધારણ સભામાં કુલ ૩૨ જેટલા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે પ્રમુખના હુકમોની બહાલી, ચીજવસ્તુઓની ખરીદીઓ, વાહન શાખા અને ઈલેક્ટ્રીક શાખા સહિતના જુદા જુદા વિભાગોમાં કરાયેલ ખર્ચ અને હુકમોને બહાલી આપવા, તેમજ નગરપાલિકા માટે ઈનોવા કાર ભાડે રાખવા જેવા મુદ્દાઓ છે. વિપક્ષના નેતા ડી.એલ. ભાષાએ પ્રાંત અધિકારીને પણ પત્ર લખી જણાવ્યું છે કે, જનરલ બોર્ડમાં થતા ઠરાવો જે સમયે મિનિટ બુકમાં લખવાના હોય છે, તેના બદલે પાછળથી મિનિટ બુક લખવામાં આવતા હોવાથી તેમાં ફેરફારો થવાની શક્યતા રહે છે. આથી, પ્રાંત ઓફિસમાંથી કોઈ નોડલ ઓફિસરની નિમણૂક કરી તેમની હાજરીમાં ઠરાવોની મિનિટ બુકમાં નોંધ થાય તેવી માંગ કરી છે. હાલ આગામી સોમવારે બપોરે ચાર કલાકે નગરપાલિકાના ટાઉન હોલમાં યોજાનાર સાધારણ સભાને લઈ અત્યારથી જ શાસક અને વિપક્ષ વચ્ચે ગરમાગરમીનો માહોલ સર્જાઈ રહ્યો છે.

-:: જાહેર હરરાજી ::-

શ્રી વલારડી પ્રાથમિક શાળા તા-બાબરા, જિ.અમરેલી આથી રસ ધરાવતા ઈસમોને જાહેર નિવેદન કરવામાં આવે છે કે, શ્રી વલારડી પ્રા. શાળા ખાતે સ્લેબવાળા રૂમ નં. ૨ (બે) જે તે સ્થિતિમાં જર્જરિત રૂમોની ફક્ત ઈમલાની જાહેર હરરાજી આગામી તા. ૦૧/૦૮/૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. તો રસ ધરાવતા ઈસમોને શરતોને આધિન સ્વ. ખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. હરરાજીની શરતો અને નિયમો સ્થળ પર જ વાંચી સંભળાવવામાં આવશે.

હરરાજીનું સ્થળ : - શ્રી વલારડી પ્રાથમિક શાળા તા-બાબરા, જિ.અમરેલી
તારીખ :- ૦૧/૦૮/૨૦૨૫ શુક્રવાર - સમય :- ૧૦:૩૦ કલાક

અધ્યક્ષ
એસ. એમ. સી.
વલારડી પ્રા.શાળા

આચાર્યશ્રી
વલારડી પ્રા.શાળા
તા.બાબરા જી.અમરેલી.

-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં. 85\2025

પ્રતિ
શ્રી ભુપતભાઈ સાર્દુલભાઈ સાંખટ,
રહે. ગીરગઢડા, ગામ-ગીરગઢડા
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, આર. બી. પુરાણીક, ગીરગઢડા .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા તાલુકો- ગીરગઢડા,
જિલ્લો.ગીરસોમનાથ ....સામાવાળા

-:જાહેર નોટીસ:-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના ગીરગઢડા ગામના રહીશ ભુપતભાઈ સાર્દુલભાઈ સાંખટ તથા સોનલબેન ભુપતભાઈ સાંખટના પુત્ર જયદિપ ભુપતભાઈ સાંખટનો જન્મ તારીખ 01/01/2017 ના રોજ ગીરગઢડા તાલુકાના ગીરગઢડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા, તાલુકા ગીરગઢડા સને.2017 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(જી.કે.વાળા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

પ્રમોદ સાવંતના નિવેદન બાદ મહાદયી નદીના પાણીની વહેંચણી પર કર્ણાટક અને ગોવા વચ્ચેનો વિવાદ ફરી ઉગ્ર બન્યો

(એચ.એસ.એલ),પણજી,તા.૨૪



મહાદયી નદી પર કર્ણાટક અને ગોવા વચ્ચે ચાલી રહેલ વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. સીએમ પ્રમોદ સાવંતના નિવેદન બાદ, આ વિવાદ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. મંગળવારે વિધાનસભામાં પ્રમોદ સાવંતે કહ્યું કે સરકાર મહાદયી નદીના પાણીને વાળવાની પ્રવૃત્તિઓને સ્વીકારશે નહીં. આ માટે સરકાર સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરશે. આ અંગે સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે તેઓ આ મામલે કાનૂની લડાઈ લડવા માટે પણ તૈયાર છે. આ નિવેદનો પછી સીએમ સાવંત અને કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા ફરી એકવાર સામસામે આવી ગયા છે. સિદ્ધારમૈયાએ કહ્યું, "મહાદયી પ્રોજેક્ટ પર ગોવાના મુખ્યમંત્રીનું નિવેદન કર્ણાટકના લોકોનું અપમાન છે. કેન્દ્ર સરકારે સત્તાવાર રીતે પોતાની ચિંતાઓ કેમ વ્યક્ત કરી નહીં? શું ભાજપના શાસનમાં સંઘવાદ આ રીતે કામ કરે છે? પાછલા બારણે તોડફોડ, મૌન અને વિશ્વાસઘાત?" કર્ણાટકના મુખ્યમંત્રીએ પૂછ્યું કે શું કન્નડ લોકોને ભાજપ સામે ન નમવા બદલ સજા મળી રહી છે. આ પહેલી વાર નથી જ્યારે ગોવા અને કર્ણાટક વચ્ચે વિવાદ જોવા મળ્યો હોય.

દેશના લોકોએ રાજકારણથી ઉપર ઉઠીને એસઆઈઆર બાબતે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર : ચૂંટણી પંચ

નવીદિલ્હી,તા.૨૪



આજકાલ બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે **SIR** (બિહાર **SIR**)નો મુદ્દો ખૂબ જ ગરમ છે. વિપક્ષ આ અંગે હોબાળો મચાવી રહ્યો છે. તેનો પડઘો બિહાર વિધાનસભાથી સંસદ સુધી સંભળાઈ રહ્યો છે. આ મામલે શાસક અને વિપક્ષ સામસામે છે. વિપક્ષ ચૂંટણી પંચની એસઆઈઆર પ્રક્રિયા પર સવાલ ઉઠાવી રહ્યો છે. દરમિયાન, હવે ચૂંટણી પંચની વિચારસરણી સામે આવી છે. ભારતનું બંધારણ ભારતીય લોકશાહીની માતા છે. તો શું ચૂંટણી પંચે આ બાબતોથી ડરીને આવા લોકોના પ્રભાવમાં આવીને આવા લોકોને મૃત મતદારો, કાયમી સ્થળાંતર કરનારા મતદારો, બે જગ્યાએ મત નોંધાવનારા મતદારો, નકલી મતદારો અથવા વિદેશી મતદારોના નામે નકલી મત આપવાનો માર્ગ મોકળો કરવો જોઈએ, જે બંધારણની વિરુદ્ધ છે, પહેલા બિહારમાં, પછી સમગ્ર દેશમાં? શું ચૂંટણી પંચ દ્વારા શુદ્ધ મતદાર યાદી એક પારદર્શક પ્રક્રિયા દ્વારા તૈયાર કરવામાં આવી રહી નથી, જે નિષ્પક્ષ ચૂંટણીઓ અને મજબૂત લોકશાહીનો પાયો છે? કોઈક સમયે, આપણે બધાએ અને ભારતના બધા નાગરિકોએ રાજકીય વિચારધારાઓથી આગળ વધીને આ પ્રશ્નો પર ઊંડાણપૂર્વક વિચાર કરવો પડશે. અને કદાચ તમારા બધા માટે આ તાત્કાલિક વિચારસરણીનો સૌથી યોગ્ય સમય હવે ભારતમાં આવી ગયો છે.

મહારાષ્ટ્રમાં દહી હાંડી ઉત્સવમાં ભાગ લેનારા ૧.૫ લાખ ગોવિંદાઓના વીમાનો ખર્ચ સરકાર ભોગવશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્ર સરકારે દહી હાંડી ઉત્સવમાં ભાગ લેનારા ૧.૫ લાખ 'ગોવિંદાઓ' માટે વીમા કવચની જાહેરાત કરી છે, જેમાં મૃત્યુના કિસ્સામાં મહત્તમ રૂ. ૧૦ લાખનો વીમો મળશે. આ પગલું લોકપ્રિય તહેવારના એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલા લેવામાં આવ્યું છે. જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને દહી હાંડી ઉત્સવ દરમિયાન, ગોવિંદાઓ (નાના બાળકો) ઊંચાઈ પર લટકાવેલા દૂધ, દહીં અને માખણથી ભરેલા ઘડા તોડવા માટે માનવ પિરામિડ બનાવે છે, જે ભગવાન કૃષ્ણની બાળલીલાઓનું મનોરંજક પુનર્નિર્માણ છે. તમને જણાવી દઈએ કે આ વીમા યોજનાનો લાભ દહીં હાંડી કાર્યક્રમમાં નુકસાન સહન કરનારા ગોવિંદાઓને મળશે. જારી કરાયેલા સરકારી ઠરાવ મુજબ, આ વર્ષે ૧૬ ઓગસ્ટે ઉજવાનારા આ લોકપ્રિય તહેવાર દરમિયાન માનવ પિરામિડ બનાવનારા નોંધાયેલા સહભાગીઓના વીમાનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ૪૪, શિવસેનાને ૩૩ અને એનસીપીને ૨૩ કોર્પોરેશન મળવાની શક્યતા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૪



મહાયુતિ (ભાજપ, એનસીપી-અજીત પવાર જૂથ, શિવસેના-શિંદે જૂથ) એ મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે બેઠકોની વહેંચણીનો ફોર્મ્યુલા નક્કી કર્યો છે. ભાજપને ૪૪, શિવસેનાને ૩૩ અને એનસીપીને ૨૩ કોર્પોરેશન મળવાની શક્યતા છે. આ વિભાજન સંખ્યાત્મક તાકાતના આધારે કરવામાં આવ્યું છે. આ મહાયુતિમાં હાજર અસંતોષને ઘટાડવામાં મદદ કરી શકે છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત ટૂંક સમયમાં થવા જઈ રહી છે. સત્તાધારી મહાયુતિ પક્ષો ભાજપ, એનસીપી (અજીત પવાર જૂથ) અને શિવસેના (શિંદે જૂથ) વચ્ચે નાગરિક ચૂંટણીમાં બેઠકોની વહેંચણી અંગે વાતચીત ચાલી રહી છે. સૂત્રો કહે છે કે મહાયુતિ પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી માટે ફોર્મ્યુલા નક્કી થઈ ગઈ છે. સૂત્રો કહે છે કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારમાં કોર્પોરેશનોના વિભાજનની મૂંઝવણ આખરે ઉકેલાઈ ગઈ છે.

દિલ્હીમાં યમુનાનું પાણીનું સ્તર ભયજનક સપાટીએ પહોંચતા પૂરનું જોખમ વધ્યું

નવીદિલ્હી,તા.૨૪

દિલ્હીમાં યમુનાનું પાણીનું સ્તર ભયજનક સપાટીએ પહોંચી ગયું હતું. આનાથી પૂરનું જોખમ વધ્યું છે. સાંજે ૪ વાગ્યે, યમુનાનું પાણીનું સ્તર ૨૦૪.૧૩ મીટર હતું, જે ૨૦૫.૩૩ મીટરના ભયજનક સપાટીથી થોડું નીચે છે. જોકે, સાંજે ૭ વાગ્યાથી પાણીનું સ્તર ઘટવાનું શરૂ થયું હતું પરંતુ પહાડી વિસ્તારોમાં સતત વરસાદને કારણે સાવચેતી રાખવામાં આવી રહી છે. સિંચાઈ અને પૂર નિયંત્રણ વિભાગના જણાવ્યા અનુસાર, મંગળવારે હાથિનીકુંડ બેરેજમાંથી ૨૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું જે બુધવારે દિલ્હી પહોંચ્યું હતું. આ પછી, બુધવારે સાંજે ૫૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું જે આવતીકાલ સુધીમાં પહોંચશે. આનાથી યમુનાનું પાણીનું સ્તર વધી શકે છે. જો ત્રણ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવે છે, તો નીચાણવાળા વિસ્તારોમાં બોટ તૈનાત કરવામાં આવશે અને લોકોને સલામત સ્થળોએ લઈ જવામાં આવશે.

હરિયાણામાં ૪૦ મુસ્લિમ ધાર્મિક નેતાઓ સાથે બેઠક યોજતા મોહન ભાગવત

નવીદિલ્હી,તા.૨૪



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ગુરુવારે હરિયાણા ભવનમાં ૪૦ મુસ્લિમ ધાર્મિક નેતાઓ સાથે બેઠક કરી હતી. આ બેઠક અઢી કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના વડા ઉમર અહેમદ ઈલ્યાસી સહિત ઘણા મુસ્લિમ ધાર્મિક નેતાઓએ બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠક અન્ય સમુદાયો સાથે સમાધાન કરવાના સંઘના પ્રયાસોનો એક ભાગ હતી. આરએસએસ વડા સાથે મુલાકાત બાદ, લખનૌથી આવેલા ટીલે વાલી મસ્જિદના શાહી ઈમામ મૌલાના સૈયદ ફઝલુલ મન્નાન રહેમાનીએ કહ્યું કે છેલ્લા ૧૦૦ વર્ષમાં **RSS** વડા સાથે આવી મુલાકાત ક્યારેય થઈ નથી. તેમણે કહ્યું કે સુમેળભર્યું વાતાવરણ જેમાં તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને **RSS** વડા મોહન ભાગવતે જે રીતે ધીરજપૂર્વક બધાની વાત સાંભળી હતી તે પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે **RSS** વડાએ બેઠક દરમિયાન ઘણી વાતો કહી. તેમણે કહ્યું કે બધા સંમત થયા કે આવી બેઠકો દરેક રાજ્યમાં સમયાંતરે યોજવી જોઈએ. બેઠકમાં હાજર રહેલા મુસ્લિમ બુદ્ધિજીવી ફિરોઝ બખ્ત કહ્યું કે ભાજપમાં રહેલા મુસ્લિમ ચહેરાઓ પર મુસ્લિમોને વિશ્વાસ નથી. તેમણે કહ્યું કે આરએસએસે એવા મુસ્લિમ ચહેરાઓને આગળ લાવવા જોઈએ જે મુસ્લિમ સમાજની પ્રગતિ માટે સતત કામ કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈમિગ્રન્ટ્સના બાળકોના જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરી શકશે નહીં : યુએસ કોર્ટ

વોશિંગ્ટન,તા.૨૪



યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં ઈમિગ્રન્ટ્સના બાળકોના જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરી શકશે નહીં. યુએસ ફેડરલ એપેલેટ કોર્ટે બુધવારે તેમના નિર્ણયને ગેરબંધારણીય જાહેર કર્યો. પોતાના નિર્ણયમાં, કોર્ટે કહ્યું કે અમેરિકામાં જન્મ પર સ્વચાલિત નાગરિકતાના અધિકારને સમાપ્ત કરવાનો પ્રયાસ બંધારણની વિરુદ્ધ છે. કોર્ટે નીચલી અદાલતના નિર્ણયને માન્ય રાખ્યો, જેણે આ આદેશના દેશવ્યાપી અમલ પર સ્ટે મૂક્યો હતો. તમને જણાવી દઈએ કે આ મહત્વપૂર્ણ નિર્ણય ૯મી યુએસ સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સના ત્રણ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો હતો. અગાઉ, ન્યૂ હેમ્પશાયરના એક ફેડરલ જજે પણ ટ્રમ્પના તે નિર્ણય પર સ્ટે મૂક્યો હતો. હવે અપીલ કોર્ટે નીચલી અદાલતના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે અને સ્ટે જાળવી રાખ્યો છે. આવી સ્થિતિમાં, આ મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચવાની નજીક પહોંચી ગયો છે. ૯મી સર્કિટનો નિર્ણય ટ્રમ્પ વહીવટીતંત્રને આદેશ લાગુ કરવાથી અટકાવે છે, જે અમેરિકામાં ગેરકાયદેસર રીતે અથવા અસ્થાયી રૂપે રહેતા લોકોના બાળકોને નાગરિકતાથી વંચિત રાખે છે."જિલ્લા અદાલતે યોગ્ય રીતે તારણ કાઢ્યું છે કે કાયદાના એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા પ્રસ્તાવિત અર્થઘટન ઘણા યુ.એસ. માં જન્મેલા વ્યક્તિઓને નાગરિકતા નકારવા માટે ગેરબંધારણીય છે.

બિહાર વિધાનસભામાં શાસક પક્ષ અને વિપક્ષના ધારાસભ્યો વચ્ચે અથડામણ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૪



બિહાર વિધાનસભામાં મતદાર યાદીના સઘન સુધારા પર ચર્ચા દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું. તેજસ્વી યાદવે ભાજપના ધારાસભ્યો પર અપશબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો, જ્યારે ભાજપના ધારાસભ્ય સંજય કુમારે માઈક તોડી નાખ્યું. તેજ પ્રતાપ યાદવે સમ્રાટ ચૌધરીને પણ નિશાન બનાવ્યા. આ ઘટના બાદ ગૃહમાં હોબાળો થયો અને કાર્યવાહી ખોરવાઈ ગઈ. એસઆઈઆર પર ચર્ચા દરમિયાન બંને પક્ષો વચ્ચે ઝપાઝપી થઈ. માર્શલે બંને પક્ષોને રોક્યા હતા.

૨૦૪૧ સુધીમાં આસામમાં હિન્દુઓ અને મુસ્લિમોની વસ્તી લગભગ સમાન થઈ જશે : હિમંતા બિસ્વા શર્મા

ગોવાહાટી,તા.૨૪

આસામના મુખ્યમંત્રી હિમંતા વિશ્વ શર્માએ બુધવારે આસામમાં વસ્તી વિષયક પરિવર્તનના મુદ્દા પર મોટો દાવો કર્યો છે. સીએમ હિમંતાએ કહ્યું છે કે જો રાજ્યમાં વર્તમાન વિકાસ દર ચાલુ રહેશે, તો વર્ષ ૨૦૪૧ સુધીમાં આસામમાં મુસ્લિમોની વસ્તી લગભગ હિન્દુઓની સમાન થઈ જશે. સીએમ હિમંતાએ એમ પણ કહ્યું છે કે ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, આસામમાં ૩૪ ટકા મુસ્લિમોમાંથી ૩૧ ટકા એવા છે જેઓ અગાઉ આસામમાં સ્થાયી થયા હતા. ૧૦ વર્ષમાં આસામમાં હિન્દુઓ લઘુમતી બની જશે" તેવા તેમના કથિત નિવેદન પર, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું- "આ મારો વિચાર નથી. આ વસ્તી ગણતરીનું પરિણામ છે. આજે, ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, આસામમાં ૩૪% વસ્તી લઘુમતી છે.

અમેરિકા હવે રશિયા સાથે યુધ્ધ લડવા યુક્રેનને ૩૨૦ મિલિયન ડોલરથી વધુના શસ્ત્રો વેચશે

વોશિંગ્ટન,તા.૨૪



યુએસ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ કરાવી શક્યું નહીં, પરંતુ હવે તેણે તેને વધુ ઉશ્કેરવાનો રસ્તો પસંદ કર્યો છે. યુએસ હવે યુક્રેનને લાખો ડોલરના શસ્ત્રો વેચવા જઈ રહ્યું છે. આનાથી રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ભડકી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને યુદ્ધવિરામ માટે મનાવવાનો પ્રયાસ કરી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે એક નવું પગલું ભર્યું છે. આમ કરીને અમેરિકાએ એક રીતે રશિયા સાથે ઝઘડો કરવાનું પણ નક્કી કર્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે બુધવારે જણાવ્યું હતું કે તેણે યુક્રેનને તેની હવાઈ સુરક્ષા વધારવા અને બખ્તરબંધ લડાયક વાહનો પૂરા પાડવા માટે $૩૨૨ મિલિયનના પ્રસ્તાવિત શસ્ત્ર વેચાણને મંજૂરી આપી છે.

બિહાર વિધાનસભાના ઘેરાવ બદલ પ્રશાંત કિશોર સહિતના આગેવાનો સામે પોલીસ ફરિયાદ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૪



જન સૂરજ પાર્ટી દ્વારા બિહાર વિધાનસભાને ઘેરવા બદલ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર, મનીષ કશ્યપ, પ્રવક્તા વિવેક, પ્રદેશ પ્રમુખ મનોજ ભારતી અને ૨,૦૦૦ અજાણ્યા લોકો સામે **FIR** નોંધવામાં આવી છે. વિધાનસભાની બહાર પ્રદર્શન દરમિયાન થયેલી અથડામણ અને પ્રતિબંધક આદેશોના ઉલ્લંઘનના સંદર્ભમાં પોલીસે આ કાર્યવાહી કરી છે. પોલીસ સાથે ઝપાઝપી અને પ્રતિબંધક આદેશોના ઉલ્લંઘનના કેસમાં કલમ ૧૯૧ (૨), ૧૯૦, ૧૩૨, ૨૨૩ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. ૨૩ જુલાઈના રોજ પ્રદર્શન દરમિયાન પોલીસે લાઠીચાર્જ કર્યો હતો, જેમાં એક યુવાન કાર્યકર્તાને માથામાં ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના પછી, પ્રશાંત કિશોરે સરકારને ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓનો કોઈ જવાબ નહીં મળે તો સમગ્ર બિહારમાં સરકારનું કામકાજ ખોરવાઈ જશે. તેમણે કહ્યું કે જો તમે સૂરજના નિઃશસ્ત્ર કાર્યકર પર લાઠીચાર્જ કર્યો છે, તો હું અહીં બેઠો છું, મને મારવા આવો. આ એક પ્રતિબંધિત વિસ્તાર છે, તેથી અમને રોકવાનો પ્રયાસ કરો. જ્યારે મુખ્ય સચિવ અમારી માંગણીઓનો લેખિત જવાબ આપશે ત્યારે જ અમે અહીંથી નીકળીશું. જન સૂરજ જૂથે બિહાર વિધાનસભા તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે આ અથડામણ થઈ. પોલીસ બેરિકેડ લગાવીને તેમને રોકવામાં આવ્યા, જેના કારણે થોડીવાર માટે ઝપાઝપી થઈ અને વિરોધ સ્થળ પર તણાવ વધી ગયો.

મેલબોર્નમાં સ્વામિનારાયણ મંદિર પર વંશીય ભાષાવાળા સંદેશાઓ લખી બદનામ કરવાનો પ્રયાસ

(એચ.એસ.એલ),મેલબોર્ન,તા.૨૪



ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં ફરી એકવાર જાતિગત નફરતનો ચહેરો સામે આવ્યો છે. અજાણ્યા લોકોએ અહીં બોરોનિયા વિસ્તારમાં સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરને અપમાનજનક અને વંશીય ભાષાવાળા સંદેશાઓ સાથે બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના ફક્ત ધાર્મિક સ્થળ પર હુમલો નથી, પરંતુ ભારતીય સમુદાયની લાગણીઓ પર સીધો હુમલો છે. ઓસ્ટ્રેલિયન ન્યૂઝ આઉટલેટ 'ઓસ્ટ્રેલિયા ટુડે' અનુસાર, મંદિરની દિવાલ પર લાલ રંગમાં 'ગો હોમ બ્રાઉન...' જેવા દ્વેષપૂર્ણ વંશીય શબ્દો લખેલા હતા. એટલું જ નહીં, નજીકના બે એશિયન રેસ્ટોરન્ટની દિવાલો પર પણ આવા જ અપશબ્દો મળી આવ્યા છે. હિન્દુ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયા (વિક્ટોરિયા ચેપ્ટર)ના પ્રમુખ મકરંદ ભાગવતે આ ઘટના પર ઊંડો આક્રોશ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આ મંદિર શાંતિ, ભક્તિ અને એકતાનું પ્રતીક છે. આવી ઘટના આપણી ધાર્મિક સ્વતંત્રતા અને ઓળખ પર હુમલો છે. જોકે વિક્ટોરિયાના મુખ્યમંત્રી જેસિન્ટા એલને હજુ સુધી આ ઘટનાની જાહેરમાં નિંદા કરી નથી, તેમના કાર્યાલયે મંદિર મેનેજમેન્ટને વ્યક્તિગત સંદેશ મોકલ્યો છે.

ખાડાઓ બૂર્યા બાદ ફરી એ જ જગ્યાએ ખાડા પડતા તંત્રની કામગીરી સામે સવાલ

અમરેલીના હાઈ-વે પર માર્ગ-મકાન વિભાગની કામગીરી 'કાગળ' પર ?

અમરેલી,તા.૨૪

અમરેલીના લાઠી ચોકડીથી ચક્કરગઢ સંકુલ ચોકડી સુધીના મુખ્ય માર્ગ પર આવેલા મસોમોટા ખાડા પડ્યા હોવાથી રસ્તાની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. ચોમાસામાં પ્રથમ વરસાદ પડતાં જ રસ્તાઓ પર મોટા ખાડા પડી ગયા છે. આ કારણે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભારે વરસાદના કારણે રોડની હાલત બદતર બની છે. પરંતુ તેના કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. લાઠી ચોકડીથી સાવરકુંડલા



જવા માટે આ માર્ગ અમરેલી બાયપાસ તરીકે ઓળખાય છે. જ્યાં રોજ હજારો ગાડીઓની અવરજવર હોય છે. સંકુલ ચોકડી નજીક વાહનોને ખાડા પર ચલાવવા પડે છે જેને કારણે લોકોને હાલાકી વેઠવી પડી રહી છે. અનેક વાર અકસ્માતનો ભય રહે છે. બસ, ટ્રક, ફોરવ્હીલ સહિતના અનેક વાહનોની અવરજવર છે. ૧ કિ.મી.ના અંતરમાં અનેક ખાડા જોવા મળે છે. આ રોડનું રિપેરીંગ કરવું જરૂરી છે જેથી લોકોને રાહત મળે. મોટા ખાડાઓમાંથી પસાર થતી વખતે વાહનચાલકોને કમરનો દુઃખાવો થાય છે. વળી, આ ખાડાઓને કારણે અકસ્માતનું જોખમ પણ વધી ગયું છે. સ્થાનિક તંત્ર દ્વારા સમસ્યાનું નિરાકરણ લાવવામાં નિષ્ફળતા મળી રહી છે. માર્ગ-મકાન વિભાગ દ્વારા ખાડાઓમાં માટી અને કપચીનું પુરાણ કરવામાં આવે છે પરંતુ વરસાદ પડતાં જ આ પુરાણ ધોવાઈ જાય છે. આ સમસ્યાને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશો તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે. પહેલા જ વરસાદમાં રોડ ધોવાઈ જતા લોકોમાં રોષ વ્યાપી ગયો છે.

સંકુલ ચોકડી નજીક ખાડા બૂર્યા બાદ ફરી ખાડા

થોડા સમય પહેલા એક પરિવાર સાવરકુંડલા જવા માટે નીકળ્યો હતો ત્યારે સંકુલ ચોકડી પાસે પહોંચતા ખાડામાં ગાડી ખાબકતા રાત્રિના સમયે ગાડી બંધ પડી ગઈ હતી. જેના કારણે આખા પરિવારને હેરાન થવુ પડ્યું હતું. આ બાબતના સમાચાર અખબારોમાં આવતા તંત્ર દ્વારા તાબડતોબ આ કામગીરી કરવામાં આવી હતી. જો કે આ કામગીરીના થોડા સમય બાદ જ ફરી એ જ જગ્યાએ ખાડા પડી જતા માર્ગ-મકાન વિભાગની બેદરકારી સામે આવી છે.

માર્ગ-મકાનની કામગીરી ફક્ત કાગળ પર?

અમરેલી જિલ્લા સહિત રાજયમાં રસ્તાઓ પર પડેલા ખાડા તાત્કાલિક બૂરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સરકારી અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીનો આદેશ હોવાથી અધિકારીઓએ આળસ ખંખેરી માર્ગ પર પડેલા ખાડાઓને બૂરવા માટે કામગીરી શરૂ કરી હતી. છેલ્લાં ઘણા સમયથી માર્ગ-મકાન વિભાગ દ્વારા રસ્તા પર પડેલા ખાડા બૂરવાની કામગીરી ચાલી રહી છે અને આ કામગીરીના ફોટા સોશિયલ મીડિયા કે મીડિયાના માધ્યમથી સરકાર સુધી પહોંચાડવામાં આવ્યા છે. કામગીરી કર્યા પછી જે રસ્તાનું પેચવર્ક કરવામાં આવ્યું છે તે રસ્તો સારો છે કે નહી તે જોવાનો સમય પણ તંત્ર પાસે નથી. જેથી તંત્રની આવી કામગીરી સામે રોષ ફેલાયો છે.

સુરતમાં માતાને મારનાર પિતાની દીકરાએ પિતરાઈ ભાઈ સાથે મળી હત્યા કરી નાખી

સુરત,તા.૨૪

ઘર કંકાસ કારણે વધુ એક પરિવારનો માળો વિખેરાઈ ગયો છે. પરિવારમાં વારંવાર ઝઘડા કરી પોતાની પત્નીને માર મારનાર વ્યક્તિનું સગા દીકરા અને ભાણેજે સાથે મળીને ચપ્પુના ઘા ઝીંકી કાળસ કાઢી નાખ્યું હોવાની ગંભીર ઘટના હાલ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સામે આવી છે. જે મામલે સુરત જિલ્લા પોલીસે ૭૦ જેટલા સીસીટીવી કેમેરા ચેક કરી ગણતરીની કલાકોમાં જ બન્ને હત્યારાઓને ઝડપી લીધા હતા અને તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૨૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૬:૩૦થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે, સોસક ગામની સીમમાં આશાપુરી માતાના મંદિર તરફ જતા ત્રણ રસ્તા પર લોહીલુહાણ હાલતમાં એક અજાણ્યા શખ્સની લાશ મળી આવી હતી. જેની માહિતી મળતા જ સુરત જિલ્લા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

રાજકોટમાં દુઃખદ પ્રસંગ માટે બનાવેલા સ્નાનઘરને ભાજપ આગેવાને સીવણ ક્લાસમાં ફેરવી દેતા હોબાળો

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૪

રાજકોટમાં વધુ એક વિવાદે જન્મ લીધો છે. વોર્ડ નંબર ૧૩માં આવેલું મહાનગરપાલિકાનું સ્નાનઘર, જે મૂળ રૂપે માઠા પ્રસંગો માટે બનાવાયું હતું, તેને ભાજપના સ્થાનિક આગેવાને સીવણ ક્લાસમાં ફેરવી દીધું છે. આરોપ છે કે, ભાજપ આગેવાન ધર્મેશ જરીયાએ સ્થાનિક કોર્પોરેટરની મદદથી મનપાની આ મિલકત કબજે કરી,



મહિલાઓ પાસેથી દર મહિને ૭૦૦ રૂપિયાની ઉઘરાણી શરૂ કરી છે. આ સ્નાનઘર, જેનો હેતુ જાહેર સુવિધા પૂરી પાડવાનો હતો, તેને ખાનગી ઉપયોગમાં લેવામાં આવ્યું છે. ડેપ્યુટી કમિશનરે આ સીવણ ક્લાસ બંધ કરવાનો આદેશ આપ્યો હોવા છતાં, ભાજપના કાર્યકરોએ આ આદેશને અવગણ્યો હોય તેવું લાગે છે. આ ઘટનાએ શાસક પક્ષની કામગીરી અને જવાબદારી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં રોષ ફેલાવ્યો છે. સવાલ એ ઉભો થાય છે કે, શું શાસક પક્ષના કાર્યકરો અધિકારીઓના આદેશોને ગણકારતા નથી? શું મહાનગરપાલિકાની મિલકતોનો આ રીતે દુરુપયોગ ચાલુ રહેશે?

ડેડીયાપાડા ખાતે યોજાયેલી જનસભામાં ભાજપ-કોંગ્રેસ પર ભગવંત માન-કેજરીવાલના પ્રહારો

ડેડિયાપાડા,તા.૨૪

ડેડીયાપાડામાં પીછા ગ્રાઉન્ડ ખાતે ૨૪ જુલાઈના રોજ આમ આદમી પાર્ટી દ્વારા જનસભાનું આયોજન કરાયું હતું. આ સભાનો હેતુ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પર થયેલા ખોટા કેસ અને ધરપકડના વિરોધમાં તેમનું સમર્થન કરવાનો હતો. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ જાહેરસભા સંબોધી હતી. જેમાં ભગવંત માને કહ્યું કે, પશુપાલકોના પૈસા ખાઈ જતી આ સરકાર અહંકારી છે. તો કેજરીવાલે કહ્યું કે, ભાજપ-કોંગ્રેસ ભેગા થઈ લોકોને લૂંટે છે. વરસાદી વાતાવરણ વચ્ચે પણ ચૈતર વસાવાના સમર્થકો અને આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા, જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ સભાનું આયોજન એવા સમયે થયું છે, જ્યારે ડેડીયાપાડાના આપ ધારાસભ્ય ચૈતર વસાવા 'લાફાકાંડ' મામલે છેલ્લા ૧૯ દિવસથી જેલમાં છે.

આગામી માસના પ્રારંભથી જ રાજ્યના રેશનકાર્ડ ધારકોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે : કુંવરજી બાવળીયા

ગાંધીનગર,તા.૨૪

રાજયના અંત્યોદય અને બી.પી.એલ. પરિવારો જન્માષ્ટમીના તહેવારો વધુ સારી રીતે ઉજવી શકે એવા ઉમદા હેતુથી આ પરિવારોને રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્ય તેલ વિતરણ કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ માટે આગામી ઓગસ્ટ માસના પ્રારંભથી જ રાજ્યમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ



ધારકોના ૩.૧૮ કરોડથી વધુ સભ્યોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે તેમ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું. મંત્રી કુંવરજી બાવળીયાએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ એન.એફ.એસ.એ. ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ કુટુંબો તથા એનઓએન, એનએફએસએ બીપીએલ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે અપાશે. આ ઉપરાંત બી.પી.એલ. અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ, એટલે કે બી.પી.એલ. કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહત દરે વિતરણ કરવામાં આવશે.

ગોધરામાં આડા સંબંધોની શંકામાં પતિ હેવાન બન્યો : પત્નીનું ગળુ દબાવી દેતા મોત

(એચ.એસ.એલ),ગોધરા,તા.૨૪

ગોધરા શહેરની દાહોદ રોડ ઉપર આવેલી શાંતિ નિવાસ સોસાયટીમાં રહેતા અને કપડાની દુકાનનો વ્યવસાય કરતા સુનિલ ચંદવાણીના લગ્ન સુરત ખાતે વિદ્યાબેન સાથે સામાજિક રીતિ રિવાજ મુજબ થયા હતા. સુખી દામ્પત્યજીવન દરમિયાન સુનિલ અને વિદ્યાબેનને કુદરતે દીકરો અને દીકરી એમ બે સંતાનોની ભેટ આપી



હતી. જોકે શાંતિથી દાંપત્યજીવન વ્યતિત કરી રહેલા આ પરિવારમાં પતિ-પત્ની વચ્ચે ખટરાગ ઊભો થયો હતો. સુનીલને પોતાની પત્નીને અન્ય પુરુષ સાથે આડાસંબંધ હોવાની શંકાને લઈ આંતરિક ગૃહ કંકાસ શરૂ થયો હતો જેથી વિદ્યાબેનના મોરવા હડફના સંતરોડ ખાતે રહેતા બેન દ્વારા પતિ-પત્નીની સમજાવટ કરી શાંતિથી ઘરસંસાર ચલાવવા જણાવવામાં આવતું હતું. જોકે ૨૧ જુલાઈના રોજ પોતાના પિયરમાં સુરત ખાતે ગયેલા વિદ્યાબેન પરત ગોધરા આવતા સુનિલભાઈએ પોતાની પત્નીના અન્ય પુરુષ સાથેના સંબંધ બાબતે ખૂબ આવેશ આવી જતાં આખરે તેણે વિદ્યાબેનનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી.

પોરબંદર શહેરના ઉદ્યોગનગર વિસ્તારમાં સગીરા પર ૪ નરાધમોનું સામૂહિક દુષ્કર્મ

પોરબંદર,તા.૨૪

ગુજરાતના પોરબંદર જિલ્લામાં એક ચોંકાવનારી ઘટનાએ સમગ્ર શહેરમાં હડકંપ મચાવ્યો છે. ઉદ્યોગનગર વિસ્તારમાં એક સગીરા પર ચાર યુવકો દ્વારા ગેંગરેપની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આ હાઈપ્રોફાઈલ કેસે સ્થાનિક સમુદાયમાં આઘાત અને આક્રોશ ફેલાવ્યો છે, કારણ કે પોરબંદર જિલ્લામાં આ પ્રકારની આ પ્રથમ ગેંગરેપની ઘટના હોવાનું જણાવાય છે.



આ ઘટના અંગે ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ નોંધવામાં આવી છે. પોલીસે ચારેય આરોપીઓને પકડવા માટે વ્યાપક તપાસ શરૂ કરી છે અને આગામી ટૂંક સમયમાં તેમને ઝડપી લેવાની આશા છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ કેસને અત્યંત ગંભીરતાથી લેવામાં આવ્યો છે, અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જોકે, હાલમાં આ ઘટના અંગે વધુ વિગતો સામે આવી નથી, પરંતુ પ્રાથમિક માહિતી અનુસાર, ચાર યુવકોએ મળીને સગીરા પર આ પાશવી કૃત્ય આચર્યું છે. આ ઘટના ઉદ્યોગનગર વિસ્તારમાં બની હોવાનું જાણવા મળ્યું છે, જે પોરબંદરનો એક વ્યસ્ત અને ઔદ્યોગિક વિસ્તાર છે.

અમદાવાદમાં સમર્થ સ્કૂલની બે વિદ્યાર્થિનીઓ ગુમ થતા ચકચાર

અમદાવાદ,તા.૨૪

અમદાવાદની એક શાળામાંથી બે વિદ્યાર્થિનીઓ ગુમ થયાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. લો ગાર્ડન નજીક આવેલી એક શાળામાંથી આ છોકરીઓ ગુમ થઈ ગઈ છે. આ છોકરીઓ સમર્થ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે છોકરીઓ ગુમ છે. એલિસબ્રિજ પોલીસે અપહરણનો કેસ નોંધ્યો છે. પરિમલ ગાર્ડન સુધી બંને છોકરીઓ સ્કૂલ યુનિફોર્મમાં જોવા મળી હતી. બંને છોકરીઓ ૧૬ વર્ષની છે. લો ગાર્ડન નજીક આવેલી એક શાળામાંથી બે વિદ્યાર્થિનીઓ ગુમ થયાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. ગઈકાલે સવારે શાળાએ પહોંચ્યા પછી તે અચાનક ગાયબ થઈ ગઈ હતી. બંને છોકરીઓ સમર્થ સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી હતી. શાળાની અન્ય વિદ્યાર્થિનીઓએ શિક્ષકને જણાવ્યું હતું કે છોકરીઓ ક્યાંક ગઈ છે. શાળાની તપાસ દરમિયાન જાણવા મળ્યું કે છોકરીઓ કેમ્પસમાંથી જ ગુમ થઈ ગઈ હતી.

ગંભીરા બ્રિજ દુર્ઘટના મામલે સસ્પેન્ડેડ ચાર અધિકારીઓ સામે એસીબી તપાસ થાય તેવા એંધાણ

વડોદરા,તા.૨૪

વડોદરાના પાદરા પાસે સર્જાયેલી ગંભીરા બ્રિજ દુર્ઘટના મામલે મોટી અપડેટ સામે આવી છે. આ દુર્ઘટનાના પ્રાથમિક તારણો સામે આવ્યા બાદ રોડ અને બિલ્ડીંગ શાખાના ચાર અધિકારીઓને પાણીચુ પકડાવી દેવામાં આવ્યું હતું. તેમની સામે હવે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા તપાસ શરૂ કરવામાં આવે તેવા એંધાણ સામે આવી રહ્યા છે. સુત્રોના જણાવ્યા



પ્રમાણે, એસીબીની તપાસ માટે ઉચ્ચ વિભાગની મંજૂરી માંગવામાં આવી છે. જે મળતા જ ચાર વિરુદ્ધ અપ્રમાણસર મિલકત અંગેની તપાસ કરવામાં આવશે, અને તપાસ બાદ તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવનાર છે. ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા દાખલારૂપ નિર્ણયને પગલે ભ્રષ્ટાચારીઓમાં ભારે ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.



